પ્રેમાનંદ આખ્યાન શ્રેણી

# સુદામાચરિત્ર




સંપાદક

દર્શના ધોળકિયા

એકત્ર ફાઉન્ડેશન

# સુદામાચરિત્ર – પ્રેમાનંદ

આખ્યાન-કાવ્ય




સંપાદક

**દર્શના ધોળકિયા**

# સુદામાચરિત્ર

સંપાદક :
દર્શના ધોળકિયા

શ્રેણી-સંપાદક
રમણ સોની

## ક્રમ

પ્રાસ્તાવિક
મધ્યકાલીન સાહિત્યનો વિશેષ
કવિ-પરિચય : પ્રેમાનંદ
કૃતિપરિચય : સુદામાચરિત્ર
સંપાદક-પરિચય
હસ્તલિખિતનું મુદ્રિત રૂપ
કાવ્યકૃતિ સુદામાચરિત્ર TEXT
શબ્દાર્થ અને ટિપ્પણ
o
સુદામાચરિત્ર : આસ્વાદલક્ષી અભ્યાસ
આખ્યાન-કાવ્યનું સ્વરૂપ અને વિકાસગતિ
પ્રેમાનંદ : સમય, જીવન અને સર્જન

# પ્રાસ્તાવિક : શ્રેણી-સંપાદક

આ સંપાદન-શ્રેણી સમર્થ મધ્યકાલીન કવિ પ્રેમાનંદનાં, પહેલે તબક્કે પાંચ આખ્યાનોને ઈ-શ્રેણી રૂપે પ્રગટ કરે છે. જુદાજુદા અભ્યાસી સંપાદકોએ એનું સંપાદન સંભાળ્યું છે અને એમની વિશેષતાઓ એમાં પરોવાઈ છે. પરંતુ, એ સાથે જ, એની રજૂઆતને એક ઘાટ આપવા માટે એનું પરિરૂપ સમાન રાખ્યું છે. શ્રેણી-સંપાદક તરીકે, દરેક આખ્યાનને સર્વસામાન્યરૂપે લાગુ પડે એવા કેટલાક લેખન-અંશો મેં તૈયાર કરીને સામેલ કર્યા છે.

આ આખ્યાનોના દરેક સંપાદકે– (૧) વિવિધ મુદ્રિત વાચનાઓને સંકલિત કરીને એક સુગમ વાચના તૈયારકરી છે, (૨) દરેક કડવાને આરંભે ટૂંકી પ્રવેશક નોંધો મૂકી છે, (૩) પ્રવેશક તરીકે સંક્ષિપ્ત કૃતિ-પરિચય આપવા ઉપરાંત (૪) આખ્યાન-કૃતિનો આસ્વાદલક્ષી અભ્યાસ પણ રજૂ કર્યો છે. એ રીતે આ સંપાદનો શાસ્ત્રીય ઉપરાંત સર્વગ્રાહી અને રસપ્રદ વાચન બન્યાં છે.

## મધ્યકાલીન સાહિત્યનો વિશેષ

ગુજરાતીનો મધ્યકાળ એટલે અંગ્રેજ પ્રજા અને એમની સંસ્કૃતિનો સંપર્ક આપણને થયો એ પહેલાંનો – લગભગ ૧૮મી સદી પહેલાંનો સમય.

માનવસમાજનું રૂપ તો ત્યારે પણ આનંદ અને દુખ, રાગ અને દ્વેષ, ઉદારતા અને સંકુચિતતા, વેર અને મૈત્રી – એવાં વૃત્તિ અને વ્યવહારોવાળું હતું.

પરંતુ આવા માનવજીવન પર ધર્મનો પણ એક વ્યાપક પ્રભાવ હતો. અનેક સાધુ-સંતો, કથાકારો-કીર્તનકારો તરફથી પણ પ્રજાને ઈશ્વરભક્તિના સંસ્કારોનું પોષણ મળતું હતું. પદ-ભજન-કીર્તન-આરતીનાં ગાન તથા પુરાણીઓની કથાઓનું શ્રવણ લોકોના જીવનનો, એમનાં સુખ-શાંતિ-શ્રદ્ધાનો મહત્ત્વનો ભાગ હતાં.

પ્રાચીન સંસ્કૃતિના વારસારૂપ પંથો-સંપ્રદાયો પણ હતાં – શૈવ, વૈષ્ણવ, જૈન, ઈસ્લામ, વગેરે. પરંતુ દરેક પોતપોતાનો ધર્મ પાળે એવો સમ-ભાવ હતો

એ સમય ગુજરાતી ભાષામાં નરસિંહ અને મીરાં, પ્રેમાનંદ અને અખો, સમયસુંદર અને રવિસાહેબ, શામળ અને દયારામ, સહજાનંદી સાધુ-કવિઓ અને મુસ્લિમ-ખોજા કવિઓ, દલિતવર્ગી કવિઓ અને સ્ત્રી કવિઓથી રળિયાત હતો. આશરે ૧૪મી-૧૫મી સદીથી ૧૯મી સદીની અધવચ સુધી એ પ્રવાહ વહેતો રહ્યો.

આ ભક્ત કવિઓએ નર્યું ભક્તિગાન કે કથાગાન કર્યું ન હતું, એમને કવિતા અને કથાની પૂર્વકાલીન-તત્કાલીન પરંપરાઓનો તેમ જ સંસ્કૃત સાહિત્યની પરંપરાઓનો પણ પરોક્ષ ને ક્યાંક સીધો પરિચય અને સમજ હતાં. પોતાનું વિશિષ્ટ કવિકૌશલ પણ હતું. એથી બહુ તેજસ્વી અને પ્રતિભાશાળી સર્જકો એ સમયે પણ થયા જ છે. **–શ્રે.**

## પ્રેમાનંદ

ઉત્તમ સર્જક સમયના કોઈપણ તબક્કે મળી આવે. એ રીતે પ્રેમાનંદ ૧૭મી સદીના એક પ્રતિભાવંત અને લોકપ્રિય ગુજરાતી સર્જક હતા.

એક કુશળ કથાકારની ને શબ્દમરમી કવિની એમ બેવડી શક્તિ એમનામાં હતી. કથન-પરંપરાનો ને પ્રાચીનકાવ્યો-કથાનકોની પરંપરાનો એમને પરિચય હતો. રજૂઆતની કળાની કોઠાસૂઝ પણ એમનામાં હતી. એક વ્યવસાયી કથાકાર તરીકે પોતાનાં આખ્યાનકાવ્યોને ગાયન-પઠન-અભિનયન એમ ત્રિવિધ રીતે રજૂ કરતા પ્રેમાનંદ એમના ભાવિક-રસિક શ્રોતા-સમુદાયને કથા-કવિતાનું રસપાન કરાવતાં એમને દિવસો સુધી લીન કરી શકતા હશે. જે રીતે આજની ટીવી-શ્રેણીઓમાં એના આકર્ષક ઘટના-અંશો(એપિસોડ્ઝ) રસપ્રદ પ્રસંગ આગળ અટકે ને પછીનો કથા-અંશ જોવા પ્રેક્ષકોને બેતાબ કરે એવી કુશળ-રસિક કથનશૈલી પ્રેમાનંદની પણ હતી.

પરંતુ પ્રેમાનંદે આવું લોક-રંજન જ કરેલું એમ નથી, એક પરિપક્વ કવિ અને કલ્પનાશીલ કથનકલાકાર તરીકે પ્રાચીન કથા-ઘટનાઓનું સારસત્ત્વ ગ્રહણ કરીને તથા પાત્રોનાં અંતરમાં ઊંડે ઊતરીને, પ્રસંગો-પરિસ્થિતિઓના ઝીણા મર્મો ઉઘાડીને, એમણે માનવ-ભાવનાની અને ઊર્મિની સૂક્ષ્મતાઓનો સ્પર્શ પણ કરાવેલો છે. જે રીતે માનવજીવન-વ્યવહારનો એમને બહોળો પરિચય હોવાનું જણાય છે, એવી જ રીતે માનવમનનાં વિવિધ સ્તરોને જોઈ શકનારી સર્જકદૃષ્ટિ પણ એમનામાં હતી. એથી આજે આપણી વિકસિત સાહિત્ય-રુચિને પણ, પ્રેમાનંદનાં આખ્યાનો પ્રસન્ન ને પ્રભાવિત કરી શકે છે.

એમણે રચેલાં ઘણાં આખ્યાનોમાં ઓખાહરણ (રચના ૧૬૬૭), સુદામાચરિત્ર(૧૬૮૨), મામેરું(૧૬૮૩), વગેરે વિશેષ મહત્ત્વનાં છે.

–શ્રે.

## કૃતિ પરિચય : 'સુદામાચરિત્ર' -- દર્શના ધોળકિયા

પ્રેમાનંદનાં ત્રણ ઉત્તમ ગણાયેલાં આખ્યાનોમાંનું એક તે 'સુદામાચરિત્ર.'

ચૌદ જ કડવાંના આ નાનકડા આખ્યાનમાં સુદામા-કૃષ્ણની ગાઢ મૈત્રીનું આલેખન કરતા પ્રેમાનંદે જીવનના વિરોધમાંથી નીપજતું જીવનદર્શન ભારે લાઘવથી પ્રગટ કર્યું છે. સાંદીપનિ ઋષિના આશ્રમમાં બંધાયેલી કૃષ્ણ-સુદામાની મૈત્રી, પછીથી બંનેનો મંડાયેલો ગૃહસ્થાશ્રમ, સુદામાને ભાગે આવેલી કારમી ગરીબી ને બીજી બાજુ સોનાની દ્વારકાના સ્વામી કૃષ્ણનાં જીવન જુદે માર્ગે વહેતાં હોવા છતાં બંનેની મૈત્રીની ગાંઠ કેટલી મજબૂત છે તેનો પરિચય પત્નીની વિનંતીથી દ્વારકા પહોંચેલા સુદામા પ્રતિ કૃષ્ણે આચરેલા સ્નેહાળ વ્યવહારમાં પ્રેમાનંદે ભારે આદરથી આલેખ્યો છે. જીવનની વરવી વિષમતાઓની વચ્ચેય પ્રતિવ્રતા નારી તરીકે સ્થાપિત થતી સુદામાપત્ની, સુદામા તથા ભક્તને પામી ન શકતી દ્વારકાની વૈભવશાળી પ્રજા, કૃષ્ણની વિવિધ રાણીઓ ને આ બધાંની ઉપર ગીતાના સ્થિતપ્રજ્ઞ શો અનાસક્ત ને નિર્મળ સુદામો – આ સૌનું વિવિધ રસોની જમાવટથી ચિત્રાત્મક આલેખન કરતો પ્રેમાનંદ સહૃદયને જીવનમૂલ્યોના પાઠ શીખવતાં શીખવતાં રસલીન બનાવીને એક નવા જ લોકમાં લઈ જવામાં સફળ બન્યો છે.

આ કૃતિને માણવા આપણે કાવ્યમાં જ પ્રવેશીએ.

## સંપાદકનો પરિચય

**ડૉ. દર્શના ધોળકિયા** (જ.૧૯૬૨) મૂળે જીવ અધ્યયન અને અધ્યાપનનો. ભુજની આર. આર. લાલન કૉલેજથી આરંભી કચ્છ યુનિવર્સિટીમાં ગુજરાતી ભાષા-સાહિત્યનું અધ્યાપન. સમાયાંતરે કાર્યકારી કુલપતિ પદ સુધીનો કાર્યભાર નિભાવ્યો. હાલ કચ્છ યુનિવર્સિટીમાં ગુજરાતી વિભાગનાં અધ્યક્ષ તરીકે કાર્યરત છે.

સંશોધન, સંપાદન, વિવેચન, અનુવાદ, ચરિત્ર-નિબંધ આદિનાં ૨૨ જેટલાં પુસ્તકો પ્રકાશિત. પ્રથમ પુસ્તક પીએચ.ડી.નો શોધનિબંધ 'નરસિંહ ચરિત્ર વિમર્શ (૧૯૯૨). એમાં નરસિંહનાં આત્મચરિત્રાત્મક પદોના સમીક્ષાત્મક નિરીક્ષણે અભ્યાસીઓનું ધ્યાન ખેંચ્યું. કવિ કાન્તના લગભગ તમામ પત્રોને સમાવતું ઉપયોગી સૂચિઓ સાથેનું સંપાદન 'કાન્તના પત્રો' ધ્યાનાર્હ બન્યું. 'દીઠે અડસઠ જાત્ર, અસંગ લીલાપુરુષ', 'મહાભારત ચરિત્ર વિમર્શ' આદિ એમની યશોદાયી કૃતિઓ. આસ્વાદલક્ષી અને અધ્યાપકીય અભિગમ સાથેના વિવેચનગ્રંથો પણ એ આપતાં રહ્યાં છે.

એ ઉપરાંત 'નારીની કથા : પુરુષની લેખિની'– એ નારી સંવેદનને કેન્દ્રમાં રાખતી વાર્તાઓનું આગવું સંપાદન છે. તો 'ગુજરાતના સર્જકોનું પ્રાથમિક શિક્ષણ'ને રતિલાલ બોરીસાગરે 'ગુજરાતના પ્રાથમિક શિક્ષણની તવારીખ' તરીકે ઓળખાવ્યું છે. કોંકણી નવલકથા 'કાર્મેલીન'નો એમનો અનુવાદ કેન્દ્રીય સાહિત્ય અકાદેમી દ્વારા પુરસ્કૃત થયો, તો સમયાંતરે 'ક્રિટીક એવોર્ડ' સહિતના કેટલાક પુરસ્કારો પણ એમને મળ્યા છે.

અધ્યયન અધ્યાપન અને અધ્યાત્મની ત્રિવિધ ધારાઓનું પોતાના જીવનમાં અને લેખનમાં સંકલન કરતાં દર્શના ધોળકિયા આપણી ભાષાનાં એક અભ્યાસશીલ લેખિકા છે.

**— રમણીક સોમેશ્વર**

## હસ્તલિખિત સાહિત્યમાંથી મુદ્રિત સાહિત્ય
## અને આ ઈ-સંપાદન

પ્રાચીન-મધ્યકાલીન સાહિત્યની પહેલી પરંપરા તે ગાન અને શ્રવણની પરંપરા. પેઢી દર પેઢી એ ચાલતી રહેલી. એની સાથેસાથે એ હસ્ત-લિખિત રૂપે પણ આગળ ચાલતી રહેલી. એમ જૂનું સાહિત્ય હસ્ત-પ્રતોમાં સચવાતું રહ્યું.

કંઠ-પરંપરામાં આ ગીતો-ભજનો બીજી મંડળી સુધી ને પછી બીજી પેઢી સુધી જાય ત્યારે એમાં શબ્દો બદલાય, ક્યારેક ઉમેરાય. એ જ રીતે હસ્તપ્રતોની પણ જ્યારે સમય જતાં, બીજા લહિયાદ્વારા, નવી નકલ થાય ત્યારે એમાં પણ શબ્દો બદલાય, લેખનની ભૂલો થાય, ઉમેરા થાય, પંક્તિઓની વધઘટ સુદ્ધાં થાય! જ્યાં જુદું સંભળાય, ખોટું વંચાય ત્યાં ફેરફારો થાય જ.

એમ, (ટૂંકા કે લાંબા) એક જ કાવ્યનાં એકથી વધારે રૂપ મળે – એક જ કાવ્યની એકથી વધારે હસ્તપ્રતો મળે. અનેક કવિઓનાં કાવ્યોની આવી બહુસંખ્ય હસ્તપ્રત-પોથીઓ જૈન ભંડારોમાં ને પ્રાચ્ય વિદ્યાની વિવિધ સંસ્થાઓનાં ગ્રંથાલયોમાં સચવાયેલી છે.

એટલે, પ્રિન્ટિંગ પ્રેસ આવ્યું ત્યારે એ હસ્તપ્રતોને મુદ્રણ રૂપ આપતાં પહેલાં એના જાણકાર વિદ્વાનો, એક કૃતિની વિવિધ પ્રતોનો યોગ્ય અભ્યાસ કરીને એક મુખ્ય પાઠ(text) તારવે ને છોડી દીધેલા અન્ય પાઠો/શબ્દો ફૂટનોટ રૂપે નોંધે-સાચવે. એ સંશોધિત સંપાદન(critical text) પછી મુદ્રિત થાય.

‘સુદામાચરિત્ર’નાં આવાં જે મહત્ત્વનાં સંપાદનો થયાં છે એ દરેકમાંના સ્વીકૃત પાઠો અને પાઠાન્તરો તપાસીને, કાવ્યમાંના લયની-ઢાળની-અર્થની સંવાદિતાને, એકવાક્યતાને તથા સુગમતાને ધ્યાનમાં રાખીને મેં સંકલિત કરેલા પાઠનું આ ઈ-સંપાદન કર્યું છે.

ઉપયોગમાં લીધેલું આધાર સંપાદન : સુદામાચરિત્ર, સંપા.ઈશ્વરલાલ દવે અને ચિમનલાલ ત્રિવેદી, ગૂર્જર, અમદાવાદ, (બીજી આ.) ૧૯૯૦.

એ પછી બૃકાદોહન, ફાગુસભા, ગુવિદ્યાસભા,વગેરેમાંનાં પાઠાંતરો પરથી આ સુગમ વાચના કરી છે.

–સંપાદક

કાવ્યકૃતિ (TEXT)

# સુદામાચરિત્ર : પ્રેમાનંદ

( સંપા. દર્શના ધોળકિયા)

## કડવું ૧

[ મધ્યકાલીન આખ્યાનની પરંપરા મુજબ આરંભે ગુરુ, ગણપતિ ને સરસ્વતીની વંદના કરતા કવિ ભક્તિરસ ચાખવા માટે જ સુદામાની કથા માંડી છે એમ કહે છે. કથાની આ પૂર્વભૂમિકા કવિએ ખૂબ ટૂંકમાં કરી છે. સ્તુતિની પહેલી બે કડીઓમાં પ્રાસ-લયની લીલા રસપ્રદ છે.]

**રાગ આશાવરી**

શ્રી ગુરુદેવ ને ગણપતિ; સમરું અંબા ને સરસ્વતી,
પ્રબળ ગતિ, વિમળ મતિ પામિયે રે. ૧

રમા-રમણ હૃદયમાં રાખું, ભગવદ-લીલા ભાખું,
ભક્તિરસ ચાખું, જે ચાખ્યો શુક-સ્વામીએ રે. ૨

**ઢાળ**

શુક સ્વામી કહે સાંભળ રાજા, પરિક્ષિત પુણ્યપવિત્ર;
દશમસ્કંધ અધ્યાય એંશીમેં, કહું સુદામાચરિત્ર. ૩

સાંદીપનિ ઋષિ સુરગુરુ સરખા, વિદ્યાવંત અનંત;
તેને મઠ ભણવાને આવ્યા, હળધર ને ભગવંત. ૪

તેની નિશાળે વડો વિદ્યાર્થી, ઋષિ સુદામો કહાવે;
પાટી લખી દેખાડવા રામ-કૃષ્ણ, સુદામા પાસે આવે. ૫

સુદામો, શ્યામ, સંકર્ષણ, અન્નભિક્ષા માગી લાવે;
એકઠા બેસી અશન કરે તે, ભૂધરને મન ભાવે. ૬

સાથે સ્વર બાંધીને ભણતા, થાય વેદની ધુન્ય;
એક સાથરે શયન કરતા, મોરલીધર, બળ, મુન્ય.૭

ચોસઠ દહાડે ચૌદ વિદ્યા, શીખ્યા બેઉ ભાઈ;
ગુરુને ગુરુદક્ષિણા આપી, વિઠ્ઠલ થયા વિદાઈ.૮

કૃષ્ણ સુદામો ભેટી રોયા, બોલ્યા વિશ્વાધાર;
'મા'નુભાવ! ફરીને મળજો. માગું છું એક વાર.' ૯

ગદ્‌ગદ કંઠે કહે સુદામો, 'માગું દેવ મુરારિ;
સદૈવ તમારાં ચરણ વિષે, મનસા રહેજો મારી.' ૧૦

મથુરામાંથી કૃષ્ણ  પધાર્યા, પુરી દ્વારિકા વાસી;
સુદામે ગૃહસ્થાશ્રમ માંડ્યો, મન જેનું સંન્યાસી. ૧૧

પતિવ્રતા પત્ની છે પાવન, પતિને પ્રભુ કરી પ્રીછે;
સ્વામીસેવાનું સુખ વાંછી, માયાસુખ નવ ઇચ્છે. ૧૨

દશ બાળક થયાં સુદામાને, દુઃખદરિદ્રે ભરિયાં;
શીતળાએ અમીછાંટો નાખ્યો, થોડે અન્ને ઊછરિયાં. ૧૩

અજાચક વ્રત પાળે સુદામો, હરિ વિના હાથ ન ઓડે;
આવી મળ્યું તો અશન કરે, નહિ તો ભૂખ્યાં સાથરે પોઢે. ૧૪

**વલણ**

પોઢે ઋષિ સંતોષ આણી, સુખ ન ઇચ્છે ઘરસૂત્રનું;
ઋષિપત્ની ભિક્ષા માગીને લાવે, પૂરું પાડે પતિપુત્રનું.૧૫

## કડવું ૨

[રંક જીવન જીવતા સુદામાની આંતરિક ચેતનાથી અજાણ એવું લોક એમને ઓળખી શકતું નથી. પણ ઘરની ગરીબાઈ ને તેથી દુઃખી થતાં સંતાનોની વ્યથા એમનાં પત્નીથી જોવાતી નથી. આથી સુદામા પાસે એ વિનયપૂર્વક પોતાની વ્યથા કહેતાં અકળાઈ જઈને તેને કૃષ્ણ પાસે જવા વિનવે છે. સુદામા સાથેના તેના સંવાદમાં ગૃહિણી તરીકેની તેની ઈચ્છાઓ, તેનો પતિપ્રેમ, દુનિયાદારી વિશેની તેની સમજ ને વ્યવહારકુશળતાનો કવિએ અહીં સુપેરે પરિચય કરાવ્યો છે.]

### રાગ વેરાડી

શુકજી કહે સાંભળ નરપતિ, છે સુદામાની નિર્મળ મતિ;
માયાસુખ નવ ઇચ્છે રતી, સદા મન છે જેનું જતિ. ૧

મુનિનો મર્મ કોઈ નવ લહે, સહુ મેલોઘેલો દરિદ્રી કહે;
માગ્યા વિના કોઈ કેમ આપે? ઘણે દુઃખે કરી દેહ કાંપે. ૨

ભિક્ષાનું કામ કામિની કરે, કોનાં વસ્ત્ર ધૂએ ને પાણી ભરે;
જેમતેમ કરીને લાવે અન્ન, નિજ કુટુંબ પોષે સ્ત્રીજન. ૩

ઘણા દિવસ દુઃખ ઘરનું સહ્યું; પુરમાં પછે અન્ન જડતું રહ્યું;
બાળકને થયા બે ઉપવાસ, તવ સ્ત્રી આવી સુદામા પાસ. ૪

'હું વિનવું જોડી બે હાથ', અબળા કહે, 'સાંભળીએ નાથ,
બાળક ભૂખ્યાં કરે રુદન, નગરમાં નથી મળતું  અન્ન. ૫

ન મળે કંદ, કે મૂળ ફળ, બે દિવસ થયાં લેઈ રહે જળ;
સુખશય્યા, ભૂષણ, પટકૂળ, તે ક્યાંથી! હરિ નથી અનુકૂલ. ૬

ભૂખ્યાં બાળ જુએ માનું મુખ', સ્ત્રી કહે સ્વામીને દુઃખ;
'હું કહેતાં લાગીશ અળખામણી, સ્વામી જુઓ આપણા ઘર ભણી.૭

ધાતુપાત્ર નહિ કર સાહવા, સાજું વસ્ત્ર નથી સમ ખાવા;
જેમ જળ વિણ વાડી ઝાડુવાં, તેમ અન્નવિણ બાળક બાડુવાં. ૮

વાયે ટાઢ બાળકડાં રુએ, ભસ્મમાંહી પેસીને સૂએ;
હું તે ધીરજ કઈ પેરે ધરું? છોકરાંનું દુઃખ દેખીને મરું. ૯

નીચાં ઘર ભીંતડિયો પડી, શ્વાન, માંજાર આવે છે ચડી;
અતિથિ ફરી નિર્મુખ જાય, ગવાનિક નવ પામે ગાય. ૧૦

કરો છો મંત્ર ભણીને સેવ, નૈવેદ્ય વિના પૂજો છો દેવ;
પુણ્ય પર્વણી કો નવ જમે, જેવો ઊગે તેવો આથમે. ૧૧

શ્રાદ્ધ સમછરી સહુ કો કરે, આપણા પિત્રુ નિર્મુખ ફરે.
આ બાળક પરણાવવાં પડશે, સતકુળની કન્યા ક્યાંથી જડશે? ૧૨

અન્ન વિના બાળક મારે વાગલાં, તે ક્યાંથી ટોપી આંગલાં;
અબોટિયું પોતિયું નવ મળે, સ્નાન કરે છે શીતળ જળે. ૧૩

વાધ્યા નખ ને વાધી જટા, માંહી ઊડે રક્ષાની ઘટા;
દર્ભ તણી તૂટી સાદડી, નાથજી તે પર રહો છો પડી. ૧૪

બીજેત્રીજે પામો છો આહાર, તે મુજને દહે છે અંગાર;
હું તો દરિદ્રસમુદ્રમાં બૂડી, હેવાતણમાં એક જ ચૂડી. ૧૫

સૌભાગ્યના નથી શણગાર, નહિ કાજળ નહિ કીડિયાંહાર;
નહિ લલાટે દેવા કંકુ, અન્ન વિના શરીર રહ્યું સૂકું. ૧૬

હું પૂછું છું લાગી પગે, આવું દુઃખ સહીશું ક્યાં લગે?
તમે દહાડી કહો છો ભરથાર, માધવ સાથે છે મિત્રાચાર. ૧૭

જે રહે કલ્પવૃક્ષની તળે, તેને શી વસ્તુ નવ મળે?
જે જીવ જળમાં ક્રીડા કરે, તે પ્રાણી કેમ તરસે મરે? ૧૮

જે પ્રગટ કરી સેવે હુતાશ, તેને શીત આવે ક્યમ પાસ?
અમૃતપાન કીધું જે નરે, તે જમકિંકરનો ભય ક્યમ ધરે? ૧૯

જેને સરસ્વતી જીભે વસી, તેમ અધ્યયનની ચિંતા કશી?
સદ્‌ગુરુનાં જેણે સેવ્યાં ચરણ, તેને શાનું માયાવરણ? ૨૦

જે જન સેવે હરિને સદા, તેને જન્મ-મરણ શી આપદા?
જેનું મન હરિચરણે વસ્યું, તે પ્રાણીને પાતક કશું? ૨૧

જેને સ્નેહ શામળિયા સાથ, તેનું ઘર નવ હોય અનાથ;
તે છે ચૌદ લોકના મહારાજ, બ્રાહ્મણને ભીખતાં શી લાજ? ૨૨

**વલણ**

લાજ ન કીજે નાથ મારા, માધવ મનવાંછિત આપશે રે;
દીન જાણીને દયા આણી, દરિદ્રનાં દુખ કાપશે રે.' ૨૪

## કડવું ૩

[આ કડવામાં સુદામા ને તેમની પત્નીનો સંવાદ ચાલે છે, જેમાં ગૃહિણી સુદામાને કૃષ્ણ પાસે જવા વીનવે છે. બંનેના સંવાદ દ્વારા સુદામાની સાથે એમની પત્નીનું ઋજુ, નમ્ર ને વાસ્તવને પ્રમાણતું ચરિત્ર અહીં ઊપસે છે. તેમ જ 'ઘેર બેસીને જ બધું મળશે. કહેતાં સુદામાની ઉક્તિમાં થનાર ભાવિનો સંકેત વ્યંજનાપૂર્ણ શૈલીમાં મૂકીને પ્રેમાનંદે એમનું કવિત્વ પ્રમાણિત કર્યું છે.]

### રાગ ગોડી

'જઈને જાચો જાદવરાય, ભાવઠ ભાંગશે રે;
હું તો કહું છું લાગીને પાય, ભાવઠ ભાંગશે રે.
ધન નહિ જડે તો ગોમતી-મજ્જન, હરિદર્શન-ફળ નહિ જાય.'
ભાવઠ ૧

સુદામો કહે વિપ્રને નથી માગતાં પ્રતિવાય

સુદામો કહે, 'વિપ્રને નથી માગતાં પ્રતિવાય;
પણ મિત્ર આળ મામ મૂકી,
જાચતાં જીવ જાય.
મામ ન મૂકીએ રે.'૨

'ઉદર કારણે નીચ કને જઈ, કીજે વિનય પ્રણામ;
તો આ સ્થાનક છે મળવા તણું, મામે વણસે કામ.'
ભાવઠ ૩

'જાદવ સઘળા દેખતાં હું કેમ ધરું જમણો હાથ;
હું દુર્બળનું રૂપ દેખીને, લાજે લક્ષ્મીનાથ.'
મામ ન ૪

'પ્રભુ પુરુષ જે ઉદ્યમી રે, જઈ કરે પોતાનું કાજ;
બ્રાહ્મણનો કુળધર્મ છે, તેમાં ભીખતાં શી લાજ?'
ભાવઠ ૫

'અંતર્યામી અજાણ નથી રે, સ્ત્રી તમને કહું વારંવાર;
દશ માસ ગર્ભવાસ પ્રાણીની, રક્ષા કરે મોરાર.'
મામ ન ૬

શો ઉદ્યમ કરીએ એવું જાણી સંતોષ આણી મન;
સુખલીલામાં હરિ વિસરે, ભાવ થાય આપણો ભિન્ન.'
મામ ન ૭

'જાચવા ન જઈએ ને પડી રહિયે, તો ક્યમ જીવે પરિવાર?
એક વાર જાચો જાદવા, તમને નહિ કહું બીજી વાર.'
ભાવઠ ૮

રાજા થઈ વિભીષણે જઈ જાચ્યા શ્રી જગદીશ;
પ્રભુ સામાં પગલાં ભરે તો, ટળે દારિદ્રય ને રીસ'
ભાવઠ ૯

'જોડવા પાણિ, દિન બોલવી વાણી, થાય વદન પીળું વરણ;
એ ચિહ્ન છે જાચક તણાં, માગ્યાપેં રૂડું મરણ.'
મામ ન ૧૦

'જગતના મનની વાર્તા  જાણે, અંતરજામી રામ,
ઇહાં બેઠાં નવનિધ આપશે, ત્યાં ગયાનું શું કામ?'
મામ ન ૧૧

સુદામો કહે નારને, 'ક્યમ ચાલે મારા પાય;
મિત્ર આગળ મામ મૂકીએ, ધિક્ક પડો મારી કાય.'
મામ ન ૧૨

'કહેવું નહિ પડે કૃષ્ણજીને, નથી અંતરજામી અજાણ;
ઘટઘટમાં વ્યાપી રહ્યો છે પૂરણ પુરુષપુરાણ.'
ભાવઠ ૧૩

'દશ માસ ગર્ભવાસ પ્રાણી, શો કરે  ઉદ્યમ?
એવું જાણી સંતોષ આણો, હરિ વિસારશે ક્યમ?'
માામ ન ૧૪

'તમો જ્ઞાની વૈરાગી ત્યાગી થઈ બેઠા, પંડિત ગુણભંડાર;
હું જુગતે જીવું કેમ કરી? નીચ નારીનો  અવતાર.'
ભાવઠ  ૧૫

**વલણ**

અવતાર સ્ત્રીનો અધમ કહીને, ઋષિપત્ની આંસુ ભરે;
દુઃખ પામતી જાણી પ્રેમદા, પછે સુદામોજી ઓચરે.  ૧૬

## કડવું ૪

[ સુદામા દંપતીનો પરસ્પરનો સંવાદ આગળ ચાલે છે, જેમાં સુદામા પોતે પુણ્ય ન કર્યાં હોઈ, તેનું ફળ ભોગવી રહ્યા હોવાનું પત્નીને સમજાવે છે ને ઉત્તરમાં સુદામાપત્ની અન્નનો મહિમા ગાઈને પતિને કૃષ્ણ પાસે જવા વીનવે છે. તેને ખાતરી છે કે કૃષ્ણ જરૂરથી તેનું દારિદ્રય દૂર કરશે જ.]

**રાગ-રામગ્રી**

પછે સુદામોજી બોલિયા, 'સુણ સુંદરી રે;
હું કહું તે શીખ માન, ઘેલી કોણે કરી રે?  ૧

જે નિર્મ્યું છે તે પામિયે સુણ સુંદરી રે;
વિધિએ લખી વૃદ્ધિહાણ, ઘેલી કોણે કરી રે? ૨

સુકૃત દુકૃત બે મિત્ર છે, સુણ સુંદરી રે!
જાય પ્રાણ આત્માને સાથ, ઘેલી કોણે કરી રે? ૩

દીધા વિના ક્યાંથી પામિયે? સુણ સુંદરી રે;
નથી આપ્યું જમણે હાથ, ઘેલી કોણે કરી રે? ૪

જો ખડધાન ખેડી વાવિયે, સુણ સુંદરી રે;
તો ક્યાંથી જમીએ શાળ? ઘેલી કોણે કરી રે? ૫

જળ વહી ગયે શી શોચના? સુણ સુંદરી રે;
જો પ્રથમ ન બાંધી પાળ, ઘેલી કોણે કરી રે? ૬

એકાદશી વ્રત નવ કર્યાં, સુણ સુંદરી રે;
નવ કીધા તીર્થોપવાસ, ઘેલી કોણે કરી રે? ૭

પિતૃ તૃપ્ત કીધા નહિ, સુણ સુંદરી રે;
નહિ ગાયોને ગૌગ્રાસ, ઘેલી કોણે કરી રે? ૮

બ્રહ્મભોજન કીધાં નહિ, સુણ સુંદરી રે;
નથી કીધાં હોમહવન, ઘેલી કોણે કરી રે? ૯

અતિથિ નિર્મુખ વાળિયા, સુણ સુંદરી રે;
તો ક્યાંથી પામિયે અન્ન? ઘેલી કોણે કરી રે? ૧૦

પ્રીતે હરિપ્રસાદ લીધો નહિ, સુણ સુંદરી રે;
હુતશેષ ન કીધો આહાર, ઘેલી કોણે કરી રે? ૧૧

આપ ઉદર પાપે ભર્યું, સુણ સુંદરી રે;
છૂટ્યાં પશુ તણો અવતાર, ઘેલી કોણે કરી રે? ૧૨

સંતોષ-અમૃત ચાખિયે, સુણ સુંદરી રે;
હરિચરણે સોંપી મન, ઘેલી કોણે કરી રે? ૧૩

ભક્તિએ નવ નિધ્ય આપશે, સુણ સુંદરી રે;
ધરો ધીર તમે સ્ત્રીજન, ઘેલી કોણે કરી રે?' ૧૪

આંખ ભરી અબળા કહે, 'ઋષિરાયજી રે;
મારું જડ થયું છે મન, લાગું પાય જી રે. ૧૫

એ જ્ઞાન મને ગમતું નથી, ઋષિરાયજી રે;
રુએ બાળક, લાવો અન્ન, લાગું પાય જી રે. ૧૬

કોઇને અન્ન વિના ચાલે નહિ, ઋષિરાયજી રે;
મોટા જોગેશ્વર હરિભક્ત, લાગું પાય જી રે. ૧૭

અન્ન વિના ભજન સૂઝે નહિ, ઋષિરાયજી રે;
જીવે અન્ને આખું જગત, લાગું પાય જી રે. ૧૮

શિવે અન્નપૂર્ણા ઘેર રાખિયાં, ઋષિરાયજી રે;
રવિએ રાખ્યું અક્ષયપાત્ર, લાગું પાય જી રે. ૧૯

સપ્તઋષિ સેવે કામધેનુને, ઋષિરાયજી રે;
તો આપણે તો કોણ માત્ર? લાગું પાય જી રે. ૨૦

સુર સેવે કલ્પવૃક્ષને, ઋષિરાયજી રે;'
મનવાંછિત પામે આહાર, લાગું પાય જી રે. ૨૧

ધર્મ પ્રાણ અન્ન વિના નહિ, ઋષિરાયજી રે;
ઊભો અન્ને સકળ સંસાર, લાગુ પાય જી રે. ૨૨

ફેરાનું ફળ જાશે નહિ, ઋષિરાયજી રે;
જઈ જાચો કૃષ્ણ બળદેવ, લાગું પાય જી રે. ૨૩

ભાલે લખ્યા અક્ષર દરિદ્રના, ઋષિરાયજી રે;
ધોશે ધરણીધર તતખેવ, લાગું પાય જી રે. ૨૪

વલણ

તતખેવ ત્રિકમ છેદશે, દારિદ્ર કેરાં ઝાડ રે;
પ્રાણનાથ પધારો દ્વારિકા, હું માનું તમારો પાડ રે.' ૨૫

## કડવું ૫

[ પત્નીની વિનવણીથી પીગળેલા સુદામા છેવટે કૃષ્ણ પાસે જવા તૈયાર થાય છે. પણ તેઓ પત્નીને જણાવે છે કે મિત્ર પાસે ખાલી હાથે તો નહીં જવાય. કંઈક ભેટ તો લઈ જ જવી પડશે. કુશળ ગૃહિણી એવી સુદામાપત્ની કાંગવાના ફોતરાં કાઢી તેને 'ઝગમગતા બનાવીને દસવીસ ચીંથરામાં બાંધીને પતિને સોંપે છે. રસ્તે જતા ઋષિ સુદામાના  દીન દેખાવનું પ્રેમાનંદે અહીં હાસ્ય નિપજાવતું કરેલું વર્ણન ખરેખર તો કરુણનો વિભાવ બને છે. પણ કડવાને અંતે હરિ એને આપ સમાન કરશે – એવો મર્મ મૂકીને કવિ ભાવકને આગળની કથા ભણી જિજ્ઞાસાપૂર્વક દોરે છે.]

### રાગ રામગ્રી

કહે શુક-જોગી સાંભળો રાયજી,
ફરીફરી પ્રમદા લાગે પાય જી;
વિપ્ર સુદામો આપ વિચારે જી,
નિશ્ચે જાચવા જાવું પડશે મારે જી. ૧

### ઢાળ

જાવું પડશે સર્વથા, ઘણું રુએ અબળા રાંક;
અન્ન વિના બાળક ટળવળે, એમાં માત તણો શો વાંક? ૨

પત્ની પ્રત્યે કહે સુદામો, 'તમો જીત્યાં, હાર્યો હુંય;
કહો ભામિની, ભગવંતને જઈ ભેટ મેલું શુંય? ૩

કાકા કહીને નિકટ આવે, કૃષ્ણસુત સમુદાય;
તે ખાવા માગે, મને લાજ લાગે, ત્યારે શું મેલું કર માંય? ૪

સુણી હરખ પામી પ્રેમદા, ગઈ પાડોશણની પાસ;
'બાઈ, આજ કાજ કરો મારું, જાણે વણમૂલે લીધી દાસ. ૫

દ્વારામતી મમ પતિ પધારે, જાચવા જાદવરાય;
અમો બમણું કરીને આપશું, કાંઈ આપો ઉછીનું માય.' ૬

તે પડોશણને દયા આવી, જો દુર્બલ આવી માગવા;
સૂપડું ભરીને ઋષિપત્ની, તેણે આપ્યા કાંગવા. ૭

ઊખળે ઘાલી ઓખણ્યા, માંહેથી કાઢ્યાં બીજ;
તગતગતા તાંદુલ દેખીને, ઋષિજી પામ્યા રીઝ. ૮

મારગમાં છોવાય નહિ, છે ત્રિકમના તાંદુળ;
લેઈ જાવા જગતે કરી, નથી બાંધવા પટકૂળ. ૯

ઉપરાઉપરી બંધન બાંધ્યાં, ચીંથરાં દસવીસ;
રત્નની પેરે જત્ન કીધું, એને છોડતાં ચડે રીસ. ૧૦

ઋષિ સુદામાને કહે બાળકડાં કરીને રોતાં મુખ;
'પિતાજી એવું લાવજો, જ્યમ જાય આપણી ભૂખ.' ૧૧

એવાં દીન વાયક સાંભળી, મુનિએ મૂક્યા નિઃશ્વાસ;
સુદામો કહે પુત્રને, 'પરિબ્રહ્મ પૂરશે આશ.' ૧૨

ઋષિ સુદામો સંચર્યા, વોળાવી વળ્યો પરિવાર;
ત્યાગી વૈરાગી વિપ્રને છે ભક્તનો શણગાર. ૧૩

ભાલ તિલક ને માળા કંઠે મુખ રામ ભણતો જાય;
મૂછકૂછનું જાળું વાધ્યું કદરૂપ દીસે કાય. ૧૪

પવને જટામાંથી ભસ્મ ઉડાડી, ધૂમ્ર કોટાનકોટ;
થાય ફટક ફટક ખાસડાં ઊડે ધૂળના ગોટેગોટ. ૧૫

ઉપાનરેણુએ અભ્ર છાયો, શું સૈન્ય મોટું જાય?
જે મારગમાં સામું મળે, તે દેખી વિસ્મય થાય. ૧૬

તૈલાભ્યંગ સ્વપ્ને ન ઇચ્છે, છે લૂખું ઋષિનું ગાત્ર;
એક હાથમાં જેષ્ટિકા, એક હાથે ગ્રહ્યું તુંબીપાત્ર. ૧૭

કોપીન જીરણ વસ્ત્રનું, વનફૂળ છે પરિધાન;
પણ ભાગ્યભાનુ ઉદે થયો, હરિ કરશે આપ સમાન. ૧૮

**વલણ**

આપ સમાન કરશે કૃષ્ણજી, શુકજી કહે સુણો નરપતિ;
થોડે સમે ઋષિ સુદામો પહોંચ્યા દ્વારામતી. ૧૯

## કડવું ૬

[આ કડવામાં કૃષ્ણની સુવર્ણનગરી દ્વારકાનું મનભાવન વર્ણન વિગતે કરવામાં આવ્યું છે. આવી ચમક-દમકવાળી નગરીમાં સુદામા જેવા મેલા ઘેલા બ્રાહ્મણના પ્રવેશથી યાદવ સ્ત્રીઓ ભારે રમૂજ અનુભવીને તેની મજાક ઉડાડે છે. પણ'ઋષિ સુદામા આ સૌને હસી કાઢીને આગળ ધપે છે. દ્વારકાનો વૈભવ જોઈને ચક્તિ થયેલા સુદામાને ક્ષણિક કર્મની ગતિ વિશે પ્રશ્નો થાય છે પણ પોતાનાં જ્ઞાનબળે પોતાને જાગેલા વિષાદને ઓળંગતા સુદામા કૃષ્ણના નિવાસસ્થાને પહોંચીને કૃષ્ણનાદ્વારપાળને પોતાના આગમનની જાણ કરે છે.
પ્રેમાનંદનાં વર્ણનકલા, ભાષાકૌશલ ને માનવમનની પરખ અહીં ઉત્તમ રીતે અભિવ્યક્તિ પામ્યાં છે. ]

શુકજી કહે સાંભળ નરપતિ, સુદામે દીઠી દ્વારામતી;
કનકકોટ ચળકાર કરે, માણેક રત્ન જડ્યાં કાંગરે. ૧

કોઠા કોશીસાં શોભે પર્મ, જેવું વિશ્વકર્માનું કર્મ;
દુર્ગે ધજા ઘણી ફરફરે, દુંદુભિ ઢોલ ત્યાં ગડગડે. ૨

સુદર્શન ફરતું ત્યાં સૂસવે, ગંભીર નાદ સાગર ઘૂઘવે;
ત્યાં તો ગોમતી સંગમ થાય, ચારે વર્ણ ત્યાં આવી નહાય. ૩

પરમ ગતિ પ્રાણી પામે ઘણાં, નથી મુક્તિપુરીમાં મણા;
ઋષિ સુદામે કીધું સ્નાન, પછી પુરમાં પેઠા ભગવાન. ૪

નગરલોક સૌ જોવા મળે, ખીજવે બાળક પૂંઠળ પળે;
જાદવ સ્ત્રી તાળી દેઈ હસે, 'ધન્ય નગર આવો નર વસે.૫

કીધાં હશે વ્રત તપ અપાર, તે સ્ત્રી પામી હશે આ ભરથાર;'
કોઈ કહે ઇંદુ, કોઈ કહે કામ, 'એને રૂપે હાર્યા કેશવ-રામ.૬

પતિવ્રતાનાં મોહશે મન,' – મર્મવચન બોલે સ્ત્રીજન,
કોઈ કહે, હાઉ આવ્યો વિકરાળ, દેખાડો, રોતાં રહેશે બાળ.૭

ઘણી ચેષ્ટા પૂંઠળથી થાય, સુણી સુદામો હસતા જાય;
પૂંઠે બાળક કાંકરા નાખે, ઋષિજી રામકૃષ્ણ મુખથી ભાખે.૮

પાડે તાળી, વજાડે ગાલ, પૂંઠે ફરી વળ્યાં નાનાં બાલ;
કોઈ વૃદ્ધ જાદવે દીઠા ઋષિ, સાધુની દૃષ્ટિ તેણે ઓળખી.૯

તેણે બાળકો સૌ કાઢ્યાં હાંકી, પૂછ્યા સમાચાર ઊભા રાખી,
'કૃપાનાથ, ક્યાંથી આવિયા? આ પુરને કેમ કીધી મયા?'૧૦

પ્રતિ-ઉત્તર બોલ્યા ઋષિજન, 'મને હરિદર્શનનું મન;'
તે જાદવે કીધો ઉપકાર, દેખાડી દીધું રાજદ્વાર. ૧૧

હરિમંદિર આવ્યા ઋષિરાય, રહ્યા ઊભા નવ ચાલે પાય;
દ્વારપાળ દિગ્પાળ સમાન, ધામ જ્યોત શું ઊગ્યા ભાણ.૧૨

શોભે હાટ ચૌટાં ને ચોક, છજાં ઝરૂખાં બારી ગોખ,
અટારી જાળી મેળી માળ, જડિત કઠેડા ઝાકઝમાળ. ૧૩

ચળકે કામ ત્યાં મીનાકારી, અમરાપુરી નાખું ઓવારી;
સભામાં સ્ફટિકમણિના થંભ, થઈ રહ્યો છે નાટારંભ. ૧૪

મૃદંગ ઉપંગ મધુરાં તાળ, ગુણીજન ગાયે ગીત રસાળ;
રમકઝમક ઘૂઘરી થાય, તે સુદામોજી જોતા જાય. ૧૫

ધજા પતાકા કળશ બિરાજે, જાંગડજાંગડ દુંદુભિ વાજે;
બોલે શરણાઈ ભેર નફેરી ઉત્સવ મંગળ શેરીએ શેરી. ૧૬

હરતાફરતા હીંશે ઘોડા, બાંધ્યા હેમ તણા અછોડા;
ડોલે મદ ગળતા માતંગ, ગજશાળાનો નવલો રંગ. ૧૭

હેમકળશ ભરી લાવે પાણી, દાસીઓ નહીં જાણે ઇંદ્રાણી;
છપ્પન કોટિ જાદવની સભા, નવ રાખે દાનવની પ્રભા. ૧૮

અનંત યોદ્ધા ઊભા પ્રતિહાર, સાચવે શામળિયાનું દ્વાર;
ત્યાં સુદામો ફેરા ફરે, સંકલ્પ-વિકલ્પ મનમાં કરે. ૧૯

'ગહન દીસે છે કર્મની ગતિ, એક ગુરુના વિદ્યારથી;
એ થઈ બેઠો પૃથ્વીપતિ, મારા ઘરમાં ખાવા રજ નથી. ૨૦

રમાડતો ગોકુળ માંકડાં, ગુરુને ઘેર લાવતો લાકડાં;
તે આજ બેઠો સિંહાસન ચડી, મારે તુંબડી ને લાકડી.' ૨૧

વળી ઋષિને આવ્યું જ્ઞાન, 'અલ્પ જીવ હું, એ સ્વયં ભગવાન;
એક વાર પામું દર્શન, તો હું જાણે પામ્યો ઇંદ્રાસન.' ૨૨

છે વિવેકી હરિના પ્રતિહાર, પૂછ્યા સુદામાને સમાચાર;
'મા'નુભાવ કેમ કરુણા કરી?' તવ સુદામે વાણી ઓચરી.૨૩

'છું દુર્બળ બ્રાહ્મણ અવતાર, માધવ સાથે છે મિત્રાચાર;
પ્રભુને જઈ કહો મારા પ્રણામ, આવ્યો છે વિપ્ર સુદામો નામ.'૨૪

**વલણ**

નામ સુદામો જઈ કહો; ગયો ઘરમાં પ્રતિહાર રે;
એક દાસી સાથે કહાવિયો, શ્રીકૃષ્ણને સમાચાર રે. ૨૫

## કડવું ૭

[ અહીં કૃષ્ણના સુખી દામ્પત્યજીવનનું રોચક ચિત્ર અપાયું છે. કૃષ્ણની આઠ પટરાણીઓ કૃષ્ણને કઈ રીતે સેવે-આરાધે છે તેનું સુખદ વર્ણન કરતાં કવિ આ સૌની વચાળે શાંતિથી પોઢેલા કૃષ્ણને અહીં પહેલી વાર પ્રવેશ આપે છે. રાણીઓ સાથે રસમગ્ન થયેલા કૃષ્ણ પાસે એક દાસી આવીને સુદામાના આગમનની ખબર આપે છે. એ સાંભળતાવેંત કૃષ્ણ એકદમ દોટ મૂકે છે. જતાં જતાં પોતાની રાણીઓને તેમનું સ્વાગત કરવાનો આદેશ આપે છે આ કૌતુક જોતાં લોકની વચ્ચે કૃષ્ણ સુદામાના પગમાં માથું મૂકીને તેમનું અસાધારણ ગૌરવ કરતાં તેમને પોતાના ઘરમાં લઈ જાય છે સુદામાને જોઈને વિસ્મિત થતી રાણીઓ રમૂજ અનુભવે છે ને સાથેસાથ તેમની મજાક કરે છે ત્યારે રુક્મિણી તેને વારતાં સુદામાનો મહિમા કહે છે, પ્રેમાનંદે, રુક્મિણીને જ માત્ર સુદામાની પરખ છે એવો મર્મ અહિં મૂક્યો છે. જે પછીનાં કડવાંઓમાં દ્રઢ બને છે.]

**રાગ-મારુ**

સૂતા શય્યાએ શ્રી અવિનાશ રે,
    અષ્ટ પટરાણીઓ છે બે પાસ રે;
રુક્મિણી તળાંસે પાય રે,
    શ્રીવૃંદા ઢોળે છે વાય રે. ૧

ધર્યું દર્પણ ભદ્રા નારી રે,
      જાંબુવંતીએ ગ્રહી જળઝારી રે;
યક્ષકર્દમ સત્યા સેવે રે,
      કાલિંદીજી તે અગર ઉસેવે રે. ૨

લક્ષ્મણા તાંબૂલ લાવે રે,
      સત્યભામા બીડી ખવડાવે રે;
હરિ પોઢ્યા હિંડોળાખાટ રે,
      પાસે પટરાણી છે આઠ રે. ૩

બીજી સોળ સહસ્ર શત શ્યામા રે,
      કોઈ હંસગતિ ગજગામા રે;
મૃગાનેણી ને ચંદ્રચકોરી રે;
      કોઈ શ્યામલડી કોઈ ગોરી રે. ૪

કોઈ મુગ્ધા બાળ કિશોરી રે,
      ખળકાવે કંકણ મોરી રે;
ચપળા ચિતડું લે ચોરી રે,
      કોટે હાર કંચુકી કોરી રે. ૫

કોઈ ચતુરા સંગીત નાચે રે,
      કોઈ રીઝવે ને ઘણું રાચે રે,
એક બીજીને વાત વાસે રે
      સરખાસરખી ઊભી પાસે રે. ૬

હરિ આગળ હરિગુણ ગાતી રે,
વસ્ત્ર વિરાજે નાના ભાતી રે;
ચંગ ઉપંગ મૃદંગ ઘણાં ગાજે રે,
શ્રીમંડળ વીણા વાજે રે. ૭

ગાંધર્વી કળા કો કરતી રે,
શુભ વાયક મુખ ઊચરતી રે;
ચતુરા નવ ચૂકે તાળી રે,
બોલે મર્મવચન મરમાળી રે. ૮

મેનકા ઉર્વશીની જોડ રે,
તેથી રીઝ્યા શ્રીરણછોડ રે;
એમ થઈ રહ્યો થેઈથેઈકાર રે,
રસમગ્ન છે વિશ્વાધાર રે. ૯

એવે દાસી ધાતી આવી રે,
જોઈ નાથે પાસે બોલાવી રે;
બોલી સાહેલી શિર નામી રે,
'દ્વારે દ્વિજ આવ્યો કોઈ સ્વામી રે. ૧૦

ન હોય નારદ અવશ્યમેવ રે,
નહીં વસિષ્ઠ ને વામદેવ રે;
ન હોય દુર્વાસા ને અગસ્ત્ય રે,
મેં તો ઋષિ જોયા છે સમસ્ત રે. ૧૧

નહિ વિશ્વામિત્ર કે અત્રિ રે,
    નથી લાવ્યો કોની પત્રી રે;
દુઃખી દરિદ્ર સરખો ભાસે રે,
    એક તુંબીપાત્ર છે પાસે રે. ૧૨

પિંગળ જટા ભસ્મે ભરિયો રે,
    ક્ષુધારૂપી નારીને વરિયો રે;
શેરીએ શેરીએ થોકાથોક રે,
    તેને જોવા મળ્યા બહુ લોક રે. ૧૩

તેણે કહાવ્યું કરી પ્રણામ રે,
    મારું વિપ્ર સુદામો છે નામ રે.'
એમ દાસી કહે કરજોડ રે,
    'ખરો ખરો' કહે રણછોડ રે. ૧૪

'મારો બાળસ્નેહી સુદામો રે,
    હું દુઃખિયાનો વિસામો રે,'
ઊઠી ધાયા જાદવરાય રે,
    નવ પહેર્યાં મોજાં પાય રે. ૧૫

પીતાંબર ભૂમિ ભરાય રે,
    રાણી રુક્મિણી ઊંચાં સાય રે;
અતિ આનંદે ફૂલી કાય રે,
    હરિ દોડે ને શ્વાસે ભરાય રે. ૧૬

પડે-આખડે બેઠા થાય રે.
    એક પળ તે જુગ જેવી જાય રે;
સ્ત્રીઓને કહી ગયા ભગવાન રે,
    'પૂજાથાળ કરો સાવધાન રે. ૧૭

હું જે ભોગવું રાજ્યાસન રે,
    તે તો એ બ્રાહ્મણનું પુન્ય રે;
જે કોઈ નમશે એનાં ચરણ ઝાલી રે,
    તે નારી સહુપેં મને વહાલી રે.' ૧૮

તવ સ્ત્રી સહુ પાછી ફરતી રે,
    સામગ્રી પૂજાની કરતી રે;
સહુ કહે, માંહોમાંહી, 'બાઈ રે,
    કેવા હશે શ્રીકૃષ્ણના ભાઈ રે? ૧૯

જેને શામળિયાશું સ્નેહ રે,
    હશે કંદર્પ સરખો દેહ રે;'
લઈ પૂજાના ઉપહાર રે,
    રહી ઊભી સોળ હજાર રે. ૨૦

'બાઈ લોચનનું સુખ લીજે રે,
    આજ જેઠનું દર્શન કીજે રે;'
ઋષિ શુકજી કહે સુણ રાય રે,
    શામળિયોજી મળવા જાય રે. ૨૧

છબીલાજીએ છૂટી ચાલે રે,
દીધી દોટ તે દીનદયાળે રે;
સુદામે દીઠા કૃષ્ણદેવ રે,
છૂટ્યાં આંસુ શ્રાવણનેવ રે. ૨૨

જુએ કૌતુક ચારે વર્ણ રે,
ક્યાં આ વિપ્ર? ક્યાં આ અશરણશર્ણ રે;
જુએ દેવ વિમાને ચડિયા રે,
પ્રભુ ઋષિજીને પાયે પડિયા રે. ૨૩

હરિ ઉઠાડ્યા ગ્રહી હાથ રે,
ઋષિજી લીધા હૈડા સાથ રે;
ભુજ-બંધન વાંસા પૂંઠે રે,
પ્રેમનાં આલિંગન નવ છૂટે રે. ૨૪

મુખ અન્યોઅન્યે જોયાં રે,
હરિનાં આંસુ સુદામે લોયાં રે;
તુંબીપાત્ર ઉલાળીને લીધું રે,
દાસત્વ દયાળે કીધું રે. ૨૫

'ઋષિ પાવન કર્યું મુજ ગામ રે,
હવાં પવિત્ર કરો મુજ ધામ રે;'
તેડી આવ્યા વિશ્વાધાર રે,
મંદિરમાં હરખથી અપાર રે. ૨૬

જોઈ હાસ્ય કરે સૌ નારી રે,
આ તો રૂડી મિત્રાચારી રે!
ઘણું વાંકાંબોલાં સત્યભામા રે,
'આ શું ફૂટડા મિત્ર સુદામા રે! ૨૭

હરિ અહીંથી ઊઠી શું ધાયા રે?
ભલી નાનપણાની માયા રે,
ભલી જોવા સરખી જોડી રે,
હરિને સોંધો એને રાખોડી રે! ૨૮

જો કોઈ બાળક બહાર નીકળશે રે;
તે તો કાકાને દેખી છળશે રે;'
તવ બોલ્યાં રુક્મિણી રાણી રે,
'તમો બોલો છો શું જાણી રે? ૨૯

**વલણ**

શું બોલો વિસ્મય થઈ? હરિભક્તને ઓળખો નહિ.'
બેસાડ્યા મિત્રને શય્યા ઉપર, ઢોળે વાયુ હરિ ઊભા રહી.૩૦

## કડવું ૮

[પ્રસ્તુત કડવાંમાં સુદામા પર ઓળઘોળ થયેલા કૃષ્ણ તેમને ઈશ્વરની જેમ ઉપાસે છે. બીજીબાજુ કૃષ્ણના વૈભવથી મૂંઝાયેલો સુદામો પોતે લાવેલા તાંદુલ છુપાવે છે. આ કડવાંની 'ચંમર કરે છે ચક્રપાણિ' જેવી પંક્તિમાં માત્ર અલંકારનો ચમત્કાર જ નથી, પણ હંમેશ હાથમાં ચક્ર ધારણ કરનાર આજે જેમને ચામર ઢોળવા બેઠા છે એવા સુદામાના વિરલ ભક્ત-ચરિત્રનો મહિમા છે.]

### રાગ-સોરઠી

ભક્તાધીન દીનને પૂજે, દાસ પોતાનો જાણી;
સુખશૈયા પર ઋષિને બેસાડી ચંમર કરે ચક્રપાણિ રે. ભ૦૧

નેત્રસમસ્યા નાથે કીધી, આવી અષ્ટ પટરાણી;
મંદમંદ હસે સત્યભામા, આઘો ઘુંઘટ તાણી રે. ભ૦૨

કનકની થાળી હેઠી માંડી, રુક્મિણી નાંખે પાણી;
સુદામાનાં ચરણ પખાળે, હાથે સારંગપાણિ. ભ૦૩

જેના નાભિકમળથી બ્રહ્મા પ્રગટ્યા, આ જગ પળમાં કીધું;
જેણે મુખમાં જગત દેખાડ્યું માતાનું મન લીધું રે. ભ૦૪

વિશ્વામિત્ર સરખા તાપસને દોહલે દર્શન દીધું;
તેણે સુદામાના પગ પખાળી, પ્રીતે પાદોદક પીધું રે. ભ૦૫

ઓઢવાની જે પીત-પિછોડી, લોહ્યા ઋષિના પાય;
ઊભા રહી કર વીંજણો ગ્રહીને, વિઠ્ઠલ ઢોળે વાય રે. ભ૦૬

ષોડશ પ્રકારે પૂજા કીધી, અગર ધૂપ ધુમાય;
કર જોડી પ્રદક્ષિણા કીધી, હરિને હરખ આંસુ થાય. ભ૦૭

થાળ ભરી વૈદર્ભી લાવ્યાં ઘૃતપક્વ પકવાન;
શર્કરા સંયુક્ત ઋષિને કરાવ્યાં પયપાન રે. ભ૦૮

શુદ્ધાચમન તંબોળ ખવરાવ્યાં, ધરી પ્રેમ શામળવાન;
વાધ્યું તે પ્રસાદ પ્રમાણે, આરોગ્ય ભગવાન રે. ભ૦૯

જે સુખ આપ્યું સુદામાને, તે હરિ બ્રહ્માદિકને ના’પે;
ફરી ફરી મુખ જુએ મુનિનું, આનંદ મુકુંદને વ્યાપે રે. ભ૦૧૦

સુદામાને ચિંતા મોટી, રખે દેખે કાયા કાંપે;
પેલી ગાંઠડી તાંદુલ તણી તે, જંઘા નીચે લઈ ચાંપે રે. ભ૦૧૧

**વલણ**

જંઘા નીચે ચાંપે ઋષિ, ગાંઠડી તાંદુલ તણી;
પ્રેમાનંદ પ્રભુ પરમેશ્વરને, જાણ્યા તણી ગત્ય છે ઘણી. ભ૦૧૨

## કડવું ૯

[આ કડવામાં કૃષ્ણ-સુદામાનો વિરલ સંવાદ છે. વર્ષો પછી મિત્રને મળતા કૃષ્ણ સુદામાનો દુર્બળ દેહ જોઈને તેનાં કારણો અંગે પૃચ્છા કરે છે. કૃષ્ણે પૂછેલાં કારણો લગભગ સુદામાને લાગુ પડતાં હોવાં છતાં સુદામા એક ઋષિને છાજતો ઉત્તર વાળતાં કહે છે તેમ, કહેવું હોય તો તેમને એક જ દુઃખ છે, કૃષ્ણનાં વિયોગનું. પણ હવે કૃષ્ણ તેમને મળ્યા તેથી પોતે હૃષ્ટપુષ્ટ થઈ જશે એવું કહેતા સુદામાનું તાટસ્થ્ય અહીં સાક્ષાત થાય છે.]

**રાગ-મલાર**

ગોવિંદે માંડી ગોઠડી, ‘કહોને મિત્ર અમારા;
સાંભળવા આતુર છું, સમાચાર તમારા. ગો૦૧

શે દુઃખે તમે દૂબળા? એવી ચિંતા કેહી?
મન મૂકીને કહો મને, મારા બાળ સ્નેહી. ગો૦૨

કોઈ સદ્‌ગુરુ તમને મળ્યો, તેને કાન શું ફૂંક્યો?
વેરાગી ત્યાગી થયા, સંસાર શું મૂક્યો? ગો૦૩

શરીર પ્રજાળ્યું જોગથી, તપે દુઃખે દેહી;
તો તે કિયે દુઃખે દૂબળા? મારા પૂર્વસ્નેહી. ગો૦૪

કે શત્રુ કોઈ માથે થયો, ઘણાં દુઃખનો દાતા?
કે ઉપરાજ્યું ચોરીએ ગયું, તેણે નહિ સુખશાતા? ગો૦૫

કાંઈ ધાતુપાત્ર કને નહીં, આવ્યા તુંબડું લેઈ?
વસ્ત્ર નથી કાંઈ પહેરવા, મારા બાળસ્નેહી? ગો૦૬

કે સુખ નથી સંતાનનું, કાંઈ કર્મ દોષે?
ભાભી અમારાં વઢકણાં, તે લોહીડું શોષે? ગો૦૭

કે શું ઉદર ભરાતું નથી? તેણે સૂકી દેહી?
એ દુઃખમાં કિયું દુઃખ છે, મારા પૂર્વસ્નેહી?' ગો૦૮

પછી સુદામોજી બોલિયા, પ્રભુને શીશ નામી;
'તમારું અજાણ્યું કાંઈ નથી, છો અંતરજામી. ગો૦૯

અમને તો દુઃખ વિજોગનું, નહીં પ્રભુજી પાસે;
આજ હરિ હુંને જો મળ્યા, પિંડ પુષ્ટ જ થાશે.' ગો૦૧૦

## કડવું ૧૦

[અહીં કૃષ્ણ સુદામાએ ગુરુના આશ્રમમાં ગાળેલા સોનેરી દિવસોની સ્મૃતિનું બયાન કૃષ્ણ દ્વારા કરવામાં આવ્યું છે. જેની વાત કરતાં કૃષ્ણ ગદગદ થઈને પોતે વિદ્યા પામ્યા તેનો યશ સુદામાને આપે છે. ઉત્તરમાં સુદામા એને કૃષ્ણની મોટાઈ ગણાવીને એમનું આભિજાત્ય પ્રગટ કરે છે.]

### રાગ-રામગ્રી

પછી શામળિયોજી બોલિયા, તને સાંભરે રે?
હાજી નાનપણાંનો નેહ, મને કેમ વીસરે રે?

આપણ બે મહિના પાસે રહ્યા, તને૦
હા જી સાંદીપનિ ઋષિને ઘેર. મને૦ ૧

અન્ન-ભિક્ષા માગી લાવતા, તને૦
હા જી જમતા ત્રણે ભ્રાત. મને

આપણ સૂતા એક સાથરે, તને
સુખદુઃખની કરતા વાત. મને૦ ૨

પાછલી રાતના જાગતા, તને
હા જી કરતા વેદની ધુન્ય; મને૦
ગુરુ આપણા ગામે ગયા, તને
હા જી કોઈ એકને જાચવા મુન્ય, મને૦ ૩

કામ દીધું ગોરાણિયે, તને
કહ્યું લેઈ આવોને કાષ્ઠ; મને૦
શરીર આપણાં ઊકળ્યાં, તને
હા જી માથે તપ્યો અરિષ્ટ. મને૦ ૪

ગોરાણીએ ખાવું બંધાવિયું, તને૦
ચણા પોચા વળી સાર; મને૦
તમો છાના આરોગિયા, તને
તમે કહ્યો દરિદ્ર મહારાજ. મને૦ ૫

સ્કંધે કુહાડા ધર્યા, તને૦
ઘણું દૂર ગયા રણછોડ; મને૦
આપણે વાદ વદ્યા બેઉ બાંધવા, તને૦
હા જી ફાડ્યું મોટું ખોડ. મને૦ ૬

ત્રણે ભારા બાંધ્યા દોરડે, તને૦
હા જી આવ્યા બારે મેહ; મને૦
શીતળ વાયુ વાયો ઘણો, તને૦
ટાઢે થરથર ધ્રૂજે દેહ. મને૦ ૭

નદીએ પૂર આવ્યું ઘણું, તને૦
ઘન વરસ્યો મુસળધાર. મને૦
એકે દિશા સૂઝી નહીં, તને૦
થયા વીજ તણા ચમકાર. મને૦ ૮

ગુરુજી ખોળવા નીસર્યા, તને૦
કહ્યું સ્ત્રીને, કીધો તેં કેર; મને૦
આપણને હૃદયાશું ચાંપિયા, તને૦
પછે તેડીને લાવ્યા ઘેર. મને૦ ૯

ગોરાણી ગૌ દો'તાં હતાં, તને૦
હતી દોણી માગ્યાની ટેવ; મને૦
નિશાળે બેઠાં હાથ વધારિયો, તને૦
હા જી દીધી દોણી તતખેવ. મને૦ ૧૦

જ્ઞાન થયું ગુરુપત્નીને, તને૦
તમને જાણ્યા જગદાધાર; મને૦
ગુરુદક્ષિણામાં માગિયું, તને૦
હા જી મૃત્યુ પામ્યો જે કુમાર, મને૦ ૧૧

મેં સાગરમાં ઝંપાવિયું, તને૦
તમે શોધ્યાં સપ્ત પાતાળ; મને૦
હું પંચાનન શંખ લાવિયો, તને૦
હા જી દૈત્યનો આણ્યો કાળ. મને૦ ૧૨

જમનગર પછે હું ગયો તને૦
પછે આવી મળ્યો જમરાય; મને૦
પુત્ર ગોરાણીને આપિયો, તને૦
હા જી પછે થયા વિદાય. મને૦ ૧૩

આપણ તે દહાડાના જૂજવા, તને૦
હા જી ફરીને મળિયા આજ; મને૦
હું તુજ પાસે વિદ્યા ભણ્યો, તને૦
મને મોટો કર્યો મહારાજ. મને૦ ૧૪

વલણ
મહારાજ લાજ નિજ દાસની, વધારો છો શ્રીહરિ,
પછી દરિદ્ર ખોવા દાસનાં, સૌમ્ય દષ્ટિ કરી. ૧૫

## કડવું ૧૧

[આ કડવામાં તો કૃષ્ણ સુદામા પ્રત્યે લળી ઢળીને સુદામાને પોતા જેટલું સુખ આપવા બેસે છે. પણ પોતાની રાણીઓ પાસે મિત્ર નાનો ન દેખાય તે માટે સુદામાએ લાવેલા તાંદુલ પહેલાં એના પાસેથી લઈ લે છે અને એના બદલામાં સુદામાને ભરપૂર સંપત્તિ આપી દે છે. સુદામાના તાંદુલને જે રીતે કૃષ્ણ સન્માન આપે છે. તેની પાછળ બંનેની મૈત્રી તો કારણભૂત છે જ, પણ સાથોસાથ સુદામાની અનાસક્તિનો પણ મહિમા છે.]

**રાગ-વસંત**

સકળ સુંદરીઓ દેખતાં, ગોષ્ઠી ગોવિંદે કીધી;
પછે દરિદ્ર ખોવા દાસનાં, ગાંઠડી દષ્ટિમાં લીધી. ૧

અઢળક ઢળિયો રે શામળિયો, મુષ્ટિ તાંદુલ માટે;
ઇંદ્રનો વૈભવ સેજમાં આપ્યો, સ્વલ્પ સુખડી સાટે,
અઢળક ઢળિયો રે. ૨

'મનવાંછિત ફળ આજ હું પામ્યો, મિત્રજી મળવા આવ્યા;
ચતુર ભાભીએ ભેટ મોકલી, કહો સખા શું લાવ્યા?
અઢળક ઢળિયો રે. ૩'

ચરણ તળે ચાંપી રહ્યો સુદામો, કૃષ્ણજી કહે છે ક્હાડો,
અમ જોગ જો ભેટ ન હોય, તો દૂર થકી દેખાડો.
અઢળક ઢળિયો રે. ૪

એ દેવતાને દુર્લભ દીસે, જાચે જાદવરાય,
'જો પવિત્ર સુખડી પ્રેમે આપો, તો ભવની ભાવઠ જાય.'
અઢળક ઢળિયો રે. ૫

ભગવાનની ભારજા ભરમમાં ભૂલી, જુએ મળી સમસ્ત;
અમૃત ફળ કે સંજીવનમણિ, હરિ ઓડે છે હસ્ત.
અઢળક ઢળિયો રે. ૬

આમ હરિ જ્યારે હાથ લગાડે, ઋષિ ખસેડે આમ;
ભક્તહેત પોતે દેખાડે, સહુને સુંદરશ્યામ.
અઢળક ઢળિયો રે. ૭

અવલોકવા ઊભી સહુ નારી, કર ધરી કનકનાં પાત્ર;
જદુપતિને જાચે સહુ નારી, અમને આપજો તિલમાત્ર.
અઢળક ઢળિયો રે. ૮

સુદામો સાંસે પડિયો, લજ્જા મારી જાશે;
ભર્મ ભાંગશે તાંદુલ દેખી, કૌતુક સરખું થાશે.
અઢળક ઢળિયો રે. ૯

સ્ત્રીના કહ્યેથી હું થયો લોભી, તુચ્છ ભેટ અહીંયાં આણી,
લજ્જા લાખ ટકાની ખોઈ, ઘર ઘાલ્યું ધણિયાણી.
અઢળક ઢળિયો રે. ૧૦

સુદામાના મનની શોચના, શામળિયે સહુ જાણી;
હસતાંખસતાં પાસે આવી, તાંદુલ લીધા તાણી.
અઢળક ઢળિયો રે. ૧૧

હેઠળ હેમની થાળી મેલી, વસ્તુ લેવા જગદીશ;
છોડે છબીલો, પાર ન આવે, ચીથરાં દશવીશ.
અઢળક ઢળિયો રે. ૧૨

પટરાણીઓ જોઈ અચરજ પામી, 'છે પારસ કે રત્ન;
અમર ફળ કે સંજીવનમણિ, આવડું કીધું છે જત્ન!'
અઢળક ઢળિયો રે. ૧૩

કણ વેરાણા ને પાત્ર ભરાણું, જોઈ રહ્યો જુવતીનો સાથ;
તાંદુલના કણ હૃદયે ચાંપી, બોલ્યા લક્ષ્મીનાથ.
અઢળક ઢળિયો રે. ૧૪

'સુદામા, મેં આ અવનીમાં લીધા બહુ અવતાર;
આ તાંદુલનો સ્વાદ છે એવો, નથી આરોગ્યો એકે વાર.
અઢળક ઢળિયો રે. ૧૫

મોટામોટા મિત્ર મેં જોયા, ધ્રુવ અંબરીષ પ્રહ્લાદ;
આ તાંદુલનો એકે મિત્રે, દેખાડ્યો નથી સ્વાદ.'
અઢળક ઢળિયો રે. ૧૬

તુચ્છ ભેટ ભારે કરી માની, વિચાર્યું ભગવાન;
સાત જન્મ સુધી સુદામે, નથી કીધાં પુણ્યદાન.
અઢળક ઢળિયો રે. ૧૭

જાચક રૂપ થયા જગજીવન, પ્રીત હૃદેમાં વ્યાપી;
મુષ્ટિ ભરીને તાંદુલ લીધા, દારિદ્ર નાખ્યાં કાપી.
અઢળક ઢળિયો રે. ૧૮

કર મરડીને ગાંઠડી લીધી, સાથેથાં દુઃખ મોડ્યાં;
જેમજેમ ચીંથરાં છોડ્યાં નાથે, ભવનાં બંધન તોડ્યાં.
અઢળક ઢળિયો રે. ૧૯

જ્યારે તાંદુલ મુખમાં મૂક્યા, ઊડી છાપરી આકાશ;
તેણે સ્થાનક સુદામાને થયા, સપ્ત ભૂમિના આવાસ.
અઢળક ઢળિયો રે. ૨૦

ઋષિપત્ની થયાં રુક્મિણી સરખાં, સાંબ સરીખા પુત્ર;
એ વૈભવને કવિ શું વખાણે? જેવું કૃષ્ણનું ઘરસૂત્ર.
અઢળક ઢળિયો રે. ૨૧

બીજી મૂઠી જ્યારે મુખમાં મૂકે, ત્યાં ગ્રહ્યો રુક્મિણીએ પાણ;
'એમાં શું ઓછું છે સ્વામી? અમને આપો ચતુરસુજાણ.'
અઢળક ઢળિયો રે. ૨૨

અષ્ટ મહાસિદ્ધિ ને નવ નિધિ, તે મોકલી વણમાગી;
તે સુદામો નથી જાણતા, જે ભવની ભાવઠ ભાંગી.
અઢળક ઢળિયો રે. ૨૩

હાથી ડોલે ને દુંદુભિ બોલે, ગુણીજન ગાયે સાખી;
જડિત્ર હિંડોળો હેમનો બાંધી, હીંચે છે હરિણાક્ષી.
અઢળક ઢળિયો રે. ૨૪

હીરા રત્ન કનકમય કોટી, હાર્યો ધને કુબેર;
કોટિધ્વજ લાખેણાં દીપક, વાજે છપ્પન ઉપર ભેર.
અઢળક ઢળિયો રે. ૨૫

**વલણ**

વાજે ભેર અખૂટ ભંડારની, ત્રુઠા શ્રીગોપાળ રે;
એમ રાત વાતમાં વહી ગઈ, થયો પ્રાતઃકાળ રે.
અઢળક ઢળિયો રે. ૨૬

## કડવું ૧૨

[સુદામાને ભરપૂર સંપત્તિ આપ્યા છતાં કૃષ્ણને સંતોષ થતો નથી. તેથી રુક્મિણી સહિત પોતાની તમામ રાણીઓ સુદામાની સેવા કરે એવું કૃષ્ણ ઈચ્છે છે, જેને રુક્મિણી માર્મિક રીતે વારે છે. વિદાય લેતા સુદામાને દેખીતી રીતે કૃષ્ણ કાંઈ આપતા નથી. આથી સુદામાને ક્ષણિક દુઃખની લાગણી અનુભવાય છે. પણ પછી પોતાના વિવેક જ્ઞાને થઈએ એ દુઃખમાંથી બહાર નીકળે છે.]

**રાગ-મેવાડો**

શુકજી કહે સાંભળ રાજન, પરમ કથા પ્રૌઢિ પાવન;
વળી વિચારે કમળાપતિ, 'મેં સુદામા સરખું આપ્યું નથી. ૧

એકેકો કણ જે તાંદુલ તણો,
ઇન્દ્રાસનપેં મોંઘો ઘણો;
દુર્બળ દાસના ભાવની ભેટ,
પરમ વિધિએ ભરાયું પેટ. ૨

હું એ સરખો થઈ વનમાં તાપું
વૈકુંઠની રિદ્ધિ એને આપું;
સોળ સહસ્ર સાથે રુક્મિણી,
સેવા કરે સુદામા તણી.' ૩

દ્વારિકા આપવા ઇચ્છા કરી,
વળી મૂઠી શ્રીનાથે ભરી;
ત્યારે રુક્મિણીએ સહાયો હાથ,
'અમે અપરાધ શો કીધો નાથ?' ૪

સામું જોઈ હસ્યાં દંપતી,
સોળ સહસ્રમાં કો પ્રીછતી નથી;
સકળ નારીને કરુણા કરી,
તાંદુલ વહેંચી આપ્યા હરિ. ૫

તેમાં મૂક્યો સ્વાદ અપાર
સ્ત્રી આગળ રાખ્યો મિત્રનો ભાર;
હાસ્યવિનોદ કરતાં વહી શર્વરી,
થયો પ્રાતઃ સુદામે જાચ્યા હરિ. ૬

'મને વિદાય કરો જગજીવન.'
હરિ કહે 'પધારીએ સ્વામિન,
વળી કૃપા કરજો કોઈ સમે.'
ઠાલે હાથે નરહરિ નમે. ૭

પ્રભુ પોળ લગી વોળાવા જાય,
કોડી એક ન મૂકી કર માંય;
સત્યભામા કહે, 'સુણો જાંબુવતી,
કૃપણ થયા કેમ કમળાપતિ! ૮

બ્રાહ્મણ, વળી મિત્ર પોતા તણો,
દરિદ્ર દુઃખે પીડેલો ઘણો;
તેને વાળ્યો નિર્મુખ ફરી.'
રુક્મિણી કહે, 'શું સમજો સુંદરી!' ૯

બેલડિયે વળગ્યા વિશ્વાધાર,
સુદામે જાતાં કર્યો વિચાર;
'એના વૈભવ આગળ વાળિયો છેક,
પણ મને ન આપી કોડી એક. ૧૦

સ્ત્રીની ચોરી મનમાં ધરી;
પણ કાંઈક ગુપ્ત મને આપશે હરિ.'
પગે લાગી નારી સૌ ગઈ,
તોયે પણ કાંઈ આપ્યું નહીં. ૧૧

માધવ માર્ગે વોળાવા ગયા,
પછી સુદામોજી ઊભા રહ્યા;
‘વિઠ્ઠલજી હવે પાછા વળો.’
તવ ભેટીને રોયા શામળો. ૧૨

વળ્યા કૃષ્ણ ‘ફરી મળજો’ કહી,
પણ કરમાં કાંઈ મૂક્યું નહીં;
ઋષિ સુદામે મૂક્યો નિઃશ્વાસ,
ચાલ્યો બ્રાહ્મણ થઈને નિરાશ. ૧૩

ઋષિ પામ્યો મનમાં સંતાપ,
નિંદા કરવા લાગ્યો આપ;
‘હું માગવા આવ્યો મિત્ર કને,
તેપેં મૃત્યુ શેં નાવ્યું મને? ૧૪

સ્ત્રીજિત નર તે શબ સમાન,
રંડાએ ઉપજાવ્યું અપમાન;
એકાંતર જો મળે જે અન્ન,
કંદમૂળ કીજે પ્રાશન. ૧૫

ભૂખે મરે બાળક નાનકડાં,
ખવરાવીએ સૂકાં પાંદડાં;
પવન પ્રાશીને ભરીએ પેટ,
નીચ પુરુષની કરીએ વેઠ. ૧૬

કાષ્ઠ કે તૃણનો વિક્રય કરી,
અથવા પર ઘેર પાણી ભરી;
હળાહળ વિષ પીને પોઢીએ,
પણ મિત્ર કને કર નવ ઓડિયે. ૧૭

અજાચક વ્રત મૂક્યું આજ,
ખોઈ લાખ ટકાની લાજ;
દામોદરે મને કીધી દયા,
મૂળગા મારા તાંદુલ ગયા. ૧૮

કૃપણને ધન હોયે ઘણું;
માટે નગર છે સોના તણું;
બાંધી મૂઠી ને મિત્રાચાર,
મોટો નિર્દય નંદકુમાર.૧૯

એને આપતાં શું ઓછું થાત?
હું દુર્બળની ભાવઠ જાત;
સામા મળી મને ભેટ્યા હરિ,
પાગ પખાળીને પૂજા કરી. ૨૦

આસન વ્યંજન ભોજન ભલું,
મુજ રાંકને કોણ કરે એટલું?
એ સર્વ ધૂર્ત કપટીની સેવા,
લટપટ કરી મારા તાંદુલ લેવા. ૨૧

જેનું લે તેનો નવ રાખે ભાર,
હરિને નિંદું તો મને ધિક્કાર;
જો ગોપીનાં મહી લીધાં હરી,
તો કમળાનું સુખ પામ્યાં સુંદરી. ૨૨

ઋષિપત્નીનાં ખાધાં અન્ન,
તો સાયુજ્ય મુક્તિ પામ્યાં સ્ત્રીજન;
ચંદન કુબ્જાજીનું લીધ,
સ્વરૂપ લક્ષ્મી સમાણું કીધ. ૨૩

જો ભાજીપત્રનો કીધો આહાર,
તો વિદુર તાર્યો સંસાર;
કૃપા કરી મને જગદાધાર,
પણ મારું કર્મ કઠોર અપાર.' ૨૪

વિવેકજ્ઞાન સુદામે ગ્રહ્યું,
'ધન ના'પ્યું તો સારું થયું;
ધને કરી મદ મુજને થાત,
ભક્તિ પ્રભુની ભૂલી જાત. ૨૫

કૃષ્ણ મુજને કરુણા કરી,
દારિદ્ર દુઃખ ન લીધું હરી,
સુખમાં  વ્યાપે ક્રોધ ને કામ,
દુઃખમાં સાંભરે કેશવરામ.' ૨૬

### વલણ

રામ સાંભરે વૈરાગ્યથી, ઋષિ જ્ઞાનઘોડે ચડ્યા;
વિચાર કરતાં ગામ  આવ્યું, ધામ દેખી ભૂલા પડ્યા. ૨૭

## કડવું ૧૩

[અહીં સુદામા પોતાને ગામ પહોંચે છે ત્યારે પોતાની પર્ણકુટીની જગ્યાએ રાજમહેલ જોઇને વિચારમાં પડી જાય છે. પોતાના ઘરમાં સઘળું કાંઈ બદલાઈ ગયું છે – પત્નીનું રૂપસુધ્ધાં. આથી મૂંઝાયેલા સુદામા ત્યાંથી નીકળી જવા પગ ઉપાડે છે. ત્યારે એની પત્ની દોડતી આવીને એને કૃષ્ણની કૃપા વિશે વિગતે વાત કરે છે.]

### રાગ-રામગ્રી

શુકજી ભાખે હરિગુણગ્રામ જી, દીઠું સુંદર કંચનધામ જી.
મેડી અટારી અદ્‌ભુત કામ જી, ઋષિ વિચારે 'ભૂલ્યો ઠામ જી. ૧

### ઢાળ

ઠામ ભૂલ્યો પણ ગ્રામ નિશ્ચે, ધામ કો ધનવંતનાં;
એ ભુવનમાં વસતા હશે, જેણે સેવ્યાં ચરણ ભગવંતનાં' ૨

એવું વિચારી વિપ્ર વળિયો, બધું નગર અવલોકન કરી;
એંધાણી સહુ જોતો જોતો, આવ્યો મંદિર  ફરી. ૩

પછી સુદામો પડ્યા સાંસામાં, વિચાર કરે વેગળા જઈ;
'આ ભુવન કોણે કર્યાં હશે? પર્ણકુટી મારી ક્યાં ગઈ? ૪

એ વિશ્વકર્મા રચી રચના, મનુષ્ય પામર શું કરે?
કુટુંબ મારું ક્યાં ગયું? ઋષિ વામ-દક્ષિણ ફેરા ફરે. ૫

કોઈ કીર્તિ બોલે, હસ્તી ડોલે, હયશાળામાં હય હણહણે,
દાસી કનકકલશ ભરી પાણી લાવે, ઊભા અનેક સેવક આંગણે. ૬

દંદુભિ ગાજે ઢોલ વાજે, મંડપ ઓચ્છવ થાય છે;
મૃદંગ ઢમકે ઘૂઘરી ઘમકે, ગીત ગુણીજન ગાય છે. ૭

જોઈ સુદામે નિઃશ્વાસ મૂક્યો, 'કોઈ છત્રપતિનાં ઘર થયાં,
આશ્રમ ગયાનું દુઃખ નથી, પણ બાળક મારાં ક્યાં ગયાં? ૮

હોમશાળા, રુદ્રાક્ષમાલા, પવિત્ર કુશની સાદડી;
ગોપીચંદન સંમાર્જની, વિપત્ય આવડી ક્યમ પડી? ૯

દૈવની ગત્ય ગહન દીસે પડ્યો પ્રાણ કર્મ આધીન;
કુટુંબ વિજોગની વિટંબણા, હંને દૈવે દંડ્યો દીન. ૧૦

તૂટી સરખી ઝૂંપડી ને લૂંટી સરખી નાર;
સડ્યાં સરખાં છોકરાં, નવ મળ્યાં બીજી વાર.' ૧૧

સંકલ્પવિકલ્પ કોટી કરતાં, ઋષિ આવાગમન હિંડોળે ચઢ્યા;
બારીએ બેસી પંથ જોતાં, નિજ કંથ સ્ત્રીને દૃષ્ટે પડ્યા. ૧૨

સાહેલી એક સહસ્ર લેઈને, સતી ગઈ પતિને તેડવા;
જળઝારી ભરીને નારી જાએ, હસ્તિની કલશ ઢોળવા. ૧૩

હંસગામિની ને હર્ષપૂરણ, અભિલાષ મનમાં ઇચ્છિયા;
ઝાંઝર ઝમકે, ઘૂઘરી ઘમકે, વાજે અણવટ વીંછિયા. ૧૪

સુદામે જાણી આવી રાણી, ઇન્દ્રાણી કે રુક્મિણી;
સાવિત્રી કે સરસ્વતી, કે શક્તિ શિવશંકર તણી. ૧૫

સાહેલી સહુ વીંટી વળી, પદ્મિની લાગી પાય;
પૂજા કરીને પાલવ ગ્રહ્યો, તવ ઋષિજી નાઠા જાય. ૧૬

થરથર ધ્રૂજે ને કાંઈ ન સૂઝે, છૂટી જટા ઉઘાડું શીશ;
હસ્ત ગ્રહેવા જાય સુંદરી, તવ ઋષિજી પાડે ચીસ. ૧૭

‘હું તો સ્હેજે જોઉં છું ઘર નવાં, મને નથી કપટવિચાર;
હું તો વૃદ્ધ ને તમો જોબન નારી, છે કઠણ લોકાચાર. ૧૮

ભોગાસક્ત હું નથી આવ્યો, મને પરમેશ્વરની આણ;
જાવા દ્યો મને કાં દમો છો? તમને હજો કલ્યાણ. ૧૯

આંગણામાં કોઈ નર નથી, આ દીસે સ્ત્રીનું રાજ્ય;
તમને પાપણિયો, પરમેશ્વર પૂછશે, હુંને કાં આણો છો વાજ્ય?’ ૨૦

ઋષિપત્ની કહે, 'સ્વામી મારા, તમે રખે દેતા શાપ;
દારિદ્ર ગયાં, નવાં ઘર થયાં, શ્રીકૃષ્ણચરણ પ્રતાપ.' ૨૧

એવું કહી કર ગ્રહીને ચાલી, સાંભળ પરિક્ષિત ભૂપ;
બેલડિયે વળગ્યાં દંપતી, રતિ કામજોડું લજાવિયું. ૨૨

## કડવું ૧૪

[સુદામાને મળેલા સુખનું વિગતે ગાન કરતા પ્રેમાનંદ અંતે કહે છે કે આટલો વૈભવ મળ્યો તો પણ સુદામા એટલા જ તટસ્થ છે જેટલા જીવનના આરંભે હતા. આટલો વૈભવ તેમને જરાય ચળાવી શક્યો નથી. આ જ તો છે 'ઋષિ સુદામા નું રહસ્ય.]

**રાગ-ધનાશ્રી**

નિજ મંદિર સુદામો ગયા, તત્ક્ષણ કૃષ્ણજી સરખા થયા;
દંપતી રાજ્યશોભાએ ભર્યાં, શ્રીકૃષ્ણે દુઃખ દોહ્યલાં હર્યાં. ૧

**ઢાળ**

દોહેલાં ગયાં ને સોહેલાં થયાં, ભર્યાં ભવન લક્ષ્મી વડે;
એક મુષ્ટિ તાંદુલ આરોગ્યા, તે લક્ષ જજ્ઞે નવ જડે. ૨

વસન, વાહન, ભવન, ભોજન, ભૂષણ ભવ્ય ભંડાર;
ચામર, આસન, છત્ર બિરાજે, ઇંદ્રનો અધિકાર. ૩

મેડી અટારી છજાં જાળી, ઝળકે મીનાકારી કામ;
સ્ફટિક મણિએ સ્થંભ જડ્યા છે, કૈલાસ સરખું ધામ. ૪

વિશ્વકર્મા ભૂલે બ્રહ્મા, જોઈ ભવનનો ભાગ;
માણેક મુક્તા રત્ન હીરા, ઝવેર જોત્ય જડાવ. ૫

ગોળી ગોળા ઘડા ગાગર, સર્વ કનકનાં પાત્ર;
સુદામાના વૈભવ આગળ, કુબેર તે કોણ માત્ર? ૬

ત્યાં જાચકનાં બહુ જૂથ આવે, નિર્મૂખ કોઈ નવ જાય;
જેને સુદામો દાન આપે, લક્ષપતિ તે થાય. ૭

ઋષિ સુદામાના પુર વિષે, ન મળે દરિદ્રી કોય;
કોટિધ્વજ ને લક્ષ દીપક અકાળ મૃત્યુ ન હોય. ૮

યદ્યપિ વૈભવ ઇંદ્રનો પણ, ઋષિ રહે છે ઉદાસ;
વિજોગ રાખે ભોગનો, થઈ ગૃહસ્થ પાળે સંન્યાસ. ૯

વેદાધ્યયન અગ્નિહોત્ર હોમે, રાખે પ્રભુનું ધ્યાન;
માળ ન મૂકે, ભક્તિ ન ચૂકે, એવા વૈષ્ણવ  ઋષિ ભગવાન. ૧૦

સુદામાનું ચરિત્ર સાંભળે, તેનું દુઃખ દારિદ્ર જાય;
ભવદુઃખ વામે, મુક્તિ પામે, મળે માધવરાય. ૧૧

વીરક્ષેત્ર વડોદરું, ગુજરાત મધ્યે ગામ;
ચતુર્વંશી જ્ઞાતિ બ્રાહ્મણ, ભટ પ્રેમાનંદ નામ. ૧૨

સંવત સત્તર આડત્રીશમાં, શ્રાવણ સુદ નિદાન;
તિથિ તૃતીયા ને ભૃગુવારે, પદબંધ કીધું આખ્યાન. ૧૩

ઉદરનિમિત્તે સુરત સેવ્યું, ને ગામ નંદરબાર,
નંદીપુરામાં કીધી કથા, યથાબુદ્ધિ અનુસાર. ૧૪

**વલણ**

બુદ્ધિમાને કથા કીધી, કરનારે લીલા કરી;
ભટ પ્રેમાનંદ નામ મિથ્યા, શ્રોતા બોલો જે હરિ. ૧૫

ooo

## શબ્દાર્થ અને ટિપ્પણ -- દર્શના ધોળકિયા

**કડવું ૧**

કડી

૬ અશન – ભોજન

૭ મુન્ય – મુનિ(સુદામા)

૧૫ ઘરસૂત્ર – ઘરસંસાર

**કડવું ૨**

૪ પુરમાં પછે અન્ન જડતું રહ્યું –ગામમાં તો જે અન્ન મળી આવતું (જડતું) એ હવે અટક્યું. હવે બીજે જવું પડશે

૧૦ ગવનિકા – ગોગ્રાસ, ગાયો માટેનું ઘાસ

૧૩ મારે વાગલાં – વલખાં મારે

૧૪ રક્ષાની ઘટા – માથું ધૂળથી ભરાઈ જવું

**કડવું ૩**

૧ ભાવઠ –ઉપાધિ

૧ ગોમતી-મજ્જન – ગોમતી નદીમાં સ્નાન

૧૦ જોડવા પાણિ....... – હાથ જોડવા, ગરીબડી વાણી બોલવી, એથી ચહેરો ફિક્કો પડી જાય

૧૦ માગ્યા પે રૂડું મરણ – માગવા/યાચવા કરયાં મરવું સારું

૧૨ મામ – સ્વમાન, આબરુ

**કડવું ૪**

૨ વૃદ્ધિહાણ – ચડતી-પડતી

૩ સુકૃત-દુષ્કૃત – પાપ-પુણ્ય

૧૦ નિર્મુખ વાળિયા – ખાલી હાથે પાછા વાળ્યા

૧૧ હુતશેષ ન કીધો આહાર – યજ્ઞમાં હોમ્યા પછી જે શેષરહે તે આહાર

કડી

૨૦ સપ્તઋષિ સેવે કામધેનુને – સપ્તર્ષિ જેવાને પણ કામધેનુ (સ્વર્ગની ગાય)ની સેવા કરવી પડે છે.

૨૪ ધોશે ધરણીધર તતખેવ – ધરતીને ધારણ કરનાર (ઈશ્વર) તરત દરિદ્રતા દૂર કરશે

**કડવું ૫**

૭ કાંગવા – છોડાં કાઢ્યા વિનાના તાંદળા (તંદુલ)

૯ છોવાય – ઢોળાય

૧૬ ઉપાન.... – પગના જોડા. અ ફાટેલા હોવાથી જે ધૂળ(રેણુ) ઊડતી હતી એનાથી જાણે આકાશ છવાઈ ગયું!

૧૭ જેષ્ઠિકા – ચાલવામાં ટેકો રહે એવી લાકડી

૧૯ શુકજી – શુકદેવ : વ્યાસના પુત્ર. એમણે પરીક્ષિતને 'ભાગવત' સંભળાવ્યું હતું. સુદામા-કથા ભાગવતના દશમસ્કંધમાંની કથા છે.

૧૯ નરપતિ – રાજા. અહીં પરીક્ષિત : કુરુવંશનો રાજા, અર્જુનનો પૌત્ર, અભિમન્યુ-ઉત્તરાનો પુત્ર

**કડવું ૬**

૨ કોઠા કોશીસાં શોભે પર્મ – કોઠા પરની (દ્વારકાની) કમાનો બહુ (પર્મ, પરમ) શોભતી હતી

૪ નથી મુક્તિપુરીમાં મણા – મુક્તિપુરી(દ્વારકા)માં કશાની ઉણપ(મણા) નથી

૬ એને રૂપે હાર્યા કેશવ-રામ – સુદામાના રૂપ આગળ તો કૃષ્ણ અને બલરામ પણ જાણે ઝાંખા પડી ગયા! (એવો કટાક્ષ)

૧૦ મયા – માયા, કૃપા

૧૫ ઉપંગ – એક વાદ્ય

**કડવું ૭**

૨ યક્ષકર્દમ સત્યા સેવે રે – યક્ષોને પ્રિય એવો સુગંધિત લેપ સત્યભામા કૃષ્ણને લગાડે છે

૨ અગર ઉસેવે – અગરુનો સુગંધિત ધૂપ (પેલા લેપ પર) આપે છે

૩ બીડી – પાન, તાંબુલ

૧૧ વામદેવ – વામનદેવ

૧૨ અત્રિ – એેક ઋષિ

૧૨ પત્રી – પત્ર, ભલામણ-ચિઠ્ઠી

**કડવું ૮**

૪ જેના નાભિકમળમાંથી......... – કૃષ્ણસ્તુતિ : કૃષ્ણ/વિષ્ણુની નાભિના કમળમાંથી પ્રગટેલાબ્રહ્માએ પળવારમાં સૃષ્ટિનું સર્જન કર્યું, બાળકૃષ્ણે માતા યશોદાને મુખમાં બ્રહ્માંડ બતાવેલું

૫ પાદોદક – ચરમુક્તિપુરીણામૃત

૮ ઘૃતપક્વ – ઘીમાં પકવેલાં

**કડવું ૧૦**

૪ અરિષ્ટ – સૂર્ય

૧૨ પંચાનન શંખ – પંચ-મુખના આકારનૌ શંખ

**કડવું ૧૨**

૯ નિર્મુખ – ખાલી હાથે

ooo

**હવે પછીનાં પાનાં**

**આખ્યાન :સ્વરૂપ અને વિકાસ, પ્રેમાનંદઃ સમય, જીવન,સર્જન ;**

**સુદામાચરિત્ર ; આસ્વાદ અને સમીક્ષા**

# સુદામાચરિત્ર આસ્વાદ-સમીક્ષા

૧. આખ્યાન-કાવ્યનું સ્વરૂપ અને વિકાસગતિ

૨. પ્રેમાનંદ : સમય,  જીવન અને સર્જન

## સુદામાચરિત્ર : આસ્વાદ
## નિર્મળ મનુષ્યની ગાથાનું કાવ્ય

### – દર્શના ધોળકિયા

મધ્યકાળના મહાકવિ પ્રેમાનંદે પોતાનાં આખ્યાનોને રસપ્રદ બનાવવા માટે રામાયણ, મહાભારત જેવાં મહાકાવ્યો ને ભાગવત જેવાં પુરાણમાંથી કથાનકો પસંદ કરીને તેને પોતાના મૌલિક અભિગમથી આલેખ્યાં છે, ને એમ કરીને તેણે મધ્યકાલીન શ્રોતાઓનું માત્ર મનોરંજન જ નથી કર્યું, પણ એ દ્વારા સહજ રીતે માનવમૂલ્યોનું યશોગાન કરીને મહાકવિને છાજતું દર્શન પણ પ્રગટ કર્યું છે. એ અર્થમાં પ્રેમાનંદ મધ્યકાળનો મોટો કવિ ઠરે છે.

'કુંવરબાઈનું મામેરું' ને 'નળાખ્યાન'ની જેમ 'સુદામાચરિત્ર' પણ પ્રેમાનંદની યશોદાયી કૃતિ છે. આ કૃતિને આપણા વિવેચકોએ 'મૈત્રી કાવ્ય', 'ભક્તિકાવ્ય' ગણાવીને એનું અનેક રીતે મૂલ્યાંકન કર્યું છે. 'સુદામાચરિત્ર'માં મૈત્રી ને ભક્તિનો, કહો કે ભક્તિપૂર્ણ મૈત્રીનો મહિમા અવશ્ય થયો છે. પણ પ્રેમાનંદનાં 'મામેરું', 'નળાખ્યાન' જેવાં આખ્યાનોમાંથી પસાર થતાં આપણને જે તરત નજરે ચડે છે તે છે નિર્મળ મનુષ્યનું મહિમાગાન કરવાની પ્રેમાનંદની વૃત્તિ. પ્રેમાનંદ પ્રભાવિત થયો છે નળ ને યુધિષ્ઠિર જેવા પુણ્યશ્લોક રાજર્ષિઓથી ને નરસિંહ તેમ જ સુદામા જેવા સંસારની મધ્યમાં રહીને 'વર્ત્યા જાય તે ઉપરછલ્લા' રહીને 'અસંગ' પ્રમાણિત થતા વિરલ સાધુજનોથી. 'સુદામાચરિત્ર' માં પ્રેમાનંદને ગાવો છે આવા ચરિત્રનો મહિમા.

આવું 'સુદામાચરિત્ર' પ્રેમાનંદનું એક ઉત્તમ આખ્યાન બની રહ્યું છે તેની કથાસંકલનાથી, પાત્રચિત્રણકળાથી, વર્ણનોનો ચિત્રાત્મકતાથી, અલંકારોની સમુચિત ગોઠવણીથી ને કાવ્યમાં સિદ્ધ થતી વ્યંજનાથી.

'સુદામાચરિત્ર' નો આરંભ થાય છે સાંદીપનિ ઋષિના આશ્રમમાં બલરામ-કૃષ્ણના વિદ્યાપ્રાપ્તિ હેતુ થયેલા આગમનથી, જ્યાં 'વડા' વિદ્યાર્થી તરીકે 'ઋષિ' સુદામાની નિયુક્તિ થયેલી છે. ગુરુ સાંદીપનિની મનુષ્યમાં પડેલી અનંત શક્યતાની ઓળખનો આડકતરો પરિચય કરાવીને પ્રેમાનંદે એમના ગુરુત્વનો મહિમા કરી દીધો છે.

પ્રેમાનંદ લાઘવનો કવિ હોવાની પ્રતીતિ પહેલા જ કડવામાં થઈ જાય છે. સુદામાનો પરિચય, બલરામ-કૃષ્ણ-સુદામાની ઉત્તરોત્તર ગાઢ થતી ગયેલી મૈત્રી, બલરામ-કૃષ્ણનું વિદ્યાપ્રાપ્તિ કરીને વિદાય થવું, વિદાય લેતી વેળાએ કૃષ્ણનું સુદામાને 'મા'નુભાવ! ફરીને મળજો' કહીને સૂચક રીતે પોતા પાસે આવવાનું નિમંત્રણ દેવું, 'સદા તમારા ચરણ વિશે રહેજો મનસા મારી' કહેતા 'ઋષિ' સુદામાની અનાસક્તિ વ્યક્ત કરીને તેમની નિર્મળતાનાં ફૂટું ફૂટું થતાં બીજનો પરિચય કરાવવો, ને બંને મિત્રોનું પોતપોતાના જીવનમાં સ્થિર થવું – આટલી ઘટનાઓ એકસાથે અહીં ઘટે છે.

સુદામાથી છૂટા પડીને કૃષ્ણ દ્વારકાના અધિપતિ બને છે ને બીજી બાજુ સુદામાનો પરિવાર અન્ન વિના ટળવળે છે. આવા વિષમ સંજોગોમાં સુદામાની પત્ની ધીરજ ને સલુકાઈથી માંડ માંડ પોતાની ગૃહસ્થી નિભાવે છે. પણ છેવટે એ વિવશ બનીને પોતાના દેવતુલ્ય પતિ સમક્ષ પોતાની વ્યાવહારિક મૂંઝવણો તારસ્વર વ્યક્ત કરે છે. પતિ સાથેના તેના સંવાદમાં તેનું કોમળ, ગરિમાયુક્ત, એક આચારનિષ્ઠ ગૃહસ્થી નારીનું પ્રેમાનંદે આંકેલું ચિત્ર સહૃદયના ચિત્તને રણઝણાવી દે એ રીતની અભિવ્યક્તિ પામ્યું છે.

સુદામાનાં જ્ઞાન ને ઋષિત્વનો એ અનહદ આદર કરે છે, પણ વ્યવહાર ને પરિવારની જાળવણી માટે આર્થિક ઉપાર્જનની અનિવાર્યતા પર ભાર દેતાં વિનીતભાવે પતિને કૃષ્ણ પાસે જવા એ વિવિધ દલીલોથી ઉદ્દીપ્ત કરે છે. તેની એ દલીલોમાં વિવેકપૂર્ણ વ્યવહારુતા છે, અભિજાત

જીવનદૃષ્ટિ છે, ભવિષ્યના જીવનને લક્ષતી દીર્ઘદૃષ્ટિ છે, જીવન પ્રત્યેનો ગૌરવશીલ અભિગમ છે ને સુદામાની પત્નીને છાજતું ઔચિત્ય છે.

પત્નીની દલીલોના પ્રત્યુત્તરમાં સુદામાએ વ્યક્ત કરેલી ભાવનામાં એક ખાનદાન બ્રાહ્મણનું વ્યક્તિત્વ ભર્યું છે. 'જાચતાં જીવ જાય'માં માનતો આ અજાચક વ્રતધારી ઋષિ, પત્નીની મૂંઝવણને પૂરેપૂરી સમજવા છતાં પોતાના સિદ્ધાંતને છોડવા રાજી નથી. પણ પત્ની પ્રત્યેના પ્રેમને લઈને છેવટે એ કૃષ્ણને મળવા માટે પોતાનાં ચરણ ઉપાડે છે, ખાલી હાથે નહીં પણ કૃષ્ણનાં બાળકો માટે તાંદુલથીય હલકા પ્રકારના 'કાંગવા' પડોશણ પાસેથી માગીને – ભરેલા હાથે.

'સુદામાચરિત્ર'માં પ્રેમાનંદે અવારનવાર સામસામેની પરિસ્થિતિઓ મૂકીને વિરોધ નિષ્પન્ન કર્યો છે, જેથી એક બાજુ આખ્યાનમાં રંગત જામે છે ને બીજી બાજુ હાસ્ય ને કરુણ રસ ભાવકને હસતાં હસતાં રડાવી જાય છે. અહીં એક બાજુ છે ગરીબ સુદામો ને બીજી બાજુ સુવર્ણની ઝળહળતી નગરી દ્વારકા! જેમાં પ્રવેશતાંવેંત સુદામાને

'જાદવ સ્ત્રી તાળી દઈ દઈ હસે,<br>ધન્ય એ નગર જ્યાં આવો નર વસે'

આ પ્રકારનો વ્યંગાત્મક સત્કાર સાંપડે છે. બાળકો કાંકરીચાળા કરતાં સુદામાનો પીછો પકડે છે ને નગરજનોનાં વીંધી નાખે એવાં વ્યંગબાણોની વચ્ચે 'ભાવકની આંખો અશ્રુભીની બને છે ત્યારે 'તો યે ઋષિજી હસતા જાય' એવા સુદામાનો કૃષ્ણ દ્વારા સત્કાર થવો તો બાકી છે એની રાહમાં ભાવક કુતૂહલવશ છે.

બરાબર એ જ ક્ષણે એક બીજો વિરોધ પ્રેમાનંદે આલેખ્યો છે. એકાદા સમજુ જણની મદદથી માંડ માંડ કૃષ્ણદ્વારે પહોંચેલો સુદામો દાસીને પોતાની ઓળખ આપીને કૃષ્ણને પોતાના આગમનની જાણ કરે છે. એક બાજુ પ્રતીક્ષારત સુદામો છે, વચ્ચેનું દ્વાર બંધ છે ને એની પાછળ અનેક રાણીઓ ને પટ્ટરાણીઓથી ઘેરાયેલા, સોનાને હીંચકે પોઢેલા, સુખમાં ઝકઝોર એવા કૃષ્ણ  છે. એ ક્ષણે દાસીમુખેથી

સુદામાના આગમનને જાણીને

'હેં હેં કરતો ઊઠ્યો શામળિયો',

આવ્યો સુદામો! હું દુઃખિયાનો વિસામો'

એવું ઉદ્‌ગારીને પડતા-આખડતા દોડતા કૃષ્ણનું ચિત્ર આલેખીને પ્રેમાનંદે આડો આંક વાળી દીધો છે! જોવાનું તો એ છે કે દુઃખિયો જણ તો બહાર ઊભો છે ને સુખિયો જણ પોતાને આ ક્ષણે દુઃખિયા તરીકે ઓળખાવે છે! પ્રેમાનંદને કહેવું તો એ છે કે આટલાં સુખ વચ્ચે પોતાને સમજે એવું જણ કૃષ્ણને વર્ષો પછી આજે સાંપડ્યું છે! હવે એ સાચા અર્થમાં સુખિયા થશે.

સુદામાની ઠઠ્ઠા ઉડાડતા ભેગા થયેલા લોકની વચ્ચે સુદામાનાં ચરણમાં કૃષ્ણે માથું મૂકી દીધું છે ત્યારે હસી પડવાની ક્ષણે આ 'ઋષિ' સંક્ષાભ પામીને રડી પડ્યો છે! સુદામા પર ઓળઘોળ થયેલા કૃષ્ણ તેનું સન્માન કરતાં કહે છે,

'ઋષિ પાવન કર્યું મુજ ગામ રે,

હવાં પવિત્ર કરો મુજ ધામ રે;'

ને સુદામાને અંદર લઈ જઈને તેની સેવા કરતા કૃષ્ણનું ચિત્ર આલેખતા પ્રેમાનંદે ભક્ત ને ભક્તિનો મહિમા કરતું અનેરું ચિત્ર દોરીને ભાવકને ધન્ય કરતાં કરતાં જીવતરનો મર્મ પણ આલેખી દીધો છે.

'સુખ સજ્જાએ ઋષિ બેસાડી

ચંમર કરે છે ચક્રપાણિ.'

જેના હાથમાં કાયમ ચક્ર હોય છે એવા સમ્રાટ-શા કૃષ્ણ આજે સુદામાના ઋષિત્વને અખંડ રહેલું જોઈને તેને ચામર ઢોળવા બેસી ગયા છે. આ છે અસંગત્વનો મહિમા! ભક્ત સુદામા નથી, ભક્ત તો છે કૃષ્ણ, મિત્રના ભક્ત. મિત્રના ઋષિત્વના આરાધક.

હા, ચામર ઢોળતાં ઢોળતાં કૃષ્ણે સુદામાનાં ઋષિત્વને એક ચિકિત્સકની અદાથી ચકાસ્યું છે. દૂબળા પડી ગયેલા ભગતને વારંવાર

કૃષ્ણ એમનાં દુઃખો અંગે પૂછે છે પણ સુદામા એમ પકડાય તેમ નથી. કૃષ્ણે પૂછેલાં બધાં જ દુઃખો સુદામાએ ભોગવ્યાં હોવા છતાં એને મન દુઃખ એક જ છે 'નથી કૃષ્ણજી પાસે.' પણ હવે એ મળ્યા તેથી 'દેહડી પુષ્ટ જ થાશે.

તો એ જ રીતે કૃષ્ણ અને ભૂતકાળ યાદ કરાવતાં પોતે તે બલરામ એની પાસે શીખતા એવું સુદામાને નમ્રતાપૂર્વક જણાવે છે ત્યારે અભિજાત ગણી સુદામાનો ઉત્તર છે તેમ, 'મને મોટો કીધો મહારાજ, મને કેમ વીસરે રે!' કૃષ્ણની માયાજાળને અતિક્રમતા સુદામાનું ઋષિત્વ અખંડ રહેલું જોઈને કૃષ્ણ તેના પ્રતિ લળી-ઢળીને પોતાનું તમામ સુખ તો તેને અર્પે જ છે પણ પ્રેમાનંદને મન જે અંતિમ સુખ સુદામાને મળ્યું તે કયું? સુદામાએ લાવેલા તાંદુલ તેના હાથમાંથી ઝૂંટવીને સોનાની થાળીમાં તેને ઠાલવતા કૃષ્ણે તેને આપ્યું તે આઃ

'વેરાયા કણ ને પાત્ર ભરાયું'

મુઠ્ઠીભર તાંદુલના બદલામાં સુદામાને કૃષ્ણે મુક્ત કરી દીધા ગરીબાઈથી, ને સંસાર સુધ્ધાંથી. તેના ઋષિત્વને સાંપડેલું આ અંતિમ વરદાન હતું.

આ બંનેને જોઈ રહેલી રાણીઓમાં ખાસ તો સત્યભામા સુદામાની માર્મિક મજાક કરે છે ત્યારે સાવધાન છે માત્ર રુક્મિણી. સુદામાને રાણીઓ સુધ્ધાં આપી દેવા ઇચ્છતા કૃષ્ણને વારતાં એ કહે છે, 'અમે અન્યાય શો કીધો નાથ?' આમ કહીને કૃષ્ણને રોકવાનું સામર્થ્ય માત્ર રુક્મિણીનું જ દર્શાવીને પ્રેમાનંદે એ બંનેનાં દામ્પત્યનેય વધાવી લીધું છે.

ઝગમગતી દ્વારકાનગરીનું, સુદામાની ગરીબાઈનું, કૃષ્ણના સુખનું, ને પાછા ફરેલા સુદામાની સમૃદ્ધિનું પ્રેમાનંદે કરેલું વર્ણન, તેની વર્ણનકલાની ક્ષમતા સૂચવે છે.

તો, એકાદ લસરકાથી સમજદાર કૃષ્ણ દાસીનું, સુદામા-પત્નીને તાંદુલ આપતી ભલી પડોશણનું પાત્ર આલેખતા પ્રેમાનંદની

નિરીક્ષણશક્તિ તેને સમાજનો સાચો આલેખક ઠેરવે છે.

'માધવ સાથે મિત્રાચાર', 'દ્રુમ દરિદ્રનાં', 'ચમર કરે છે ચક્રપાણિ' જેવા અલંકારોમાં માત્ર શબ્દચાતુર્ય નથી પણ જીવતરનું વિરલ અર્થઘટન છે.

ઘેર જઈને માંડ માંડ પત્નીને ઓળખતો સુદામો તેની સાથે આલિંગનબદ્ધ બનીને પતિ તરીકે તેને ઉચિત ન્યાય આપવાની ક્ષણે પણ એનાં ઋષિત્વને ગૃહસ્થી સાથે સમન્વિત કરીને સાચા અર્થમાં અસંગ પુરુષ પ્રમાણિત થયો છે.

આખ્યાનના આરંભે સાંદિપનિના ગુરુકુળનો કિશોર વયનો 'ઋષિ' સુદામો આખ્યાનને અંતે અનેક ઊથલપાથલો પછીય 'યદ્યપિ વૈભવ ઇન્દ્રનો, તો ય ઋષિ રહે ઉદાસ.' તરીકે વર્તીને એનાં ઋષિત્વનાં વર્તુળને સંપન્ન કરે છે. એક બાજુ પ્રેમાનંદની કથાસંકલનાનો આ વિજય છે, તો બીજી બાજુ એક સાધક વ્યક્તિના વ્યક્તિત્વના ઐશ્વર્યનો આલેખ પણ અહીં અપાયો છે. પ્રેમાનંદ જેને ભક્તિ ગણે છે તે આ સ્વધર્મપ્રીતિ આચારનિષ્ઠા ને સ્વમાં સ્વસ્થ રહ્યાની કલા ઈશ્વરનુંય અતિક્રમણ કરી શકે છે એની જ વાત આખરે તો પ્રેમાનંદને 'સુદામાચરિત્ર'માંા માંડવી છે. આ અર્થમાં આ આખ્યાન નિર્મળ મનુષ્યની ગાથાનું ગીત બને છે.

○○○

# આખ્યાન-કાવ્યનું સ્વરૂપ અને એની વિકાસગતિ

## ૧. ભૂમિકા: આખ્યાનનો વિશેષ

ગુજરાતીની કથા-કથન-પરંપરામાં આખ્યાન એક વિશિષ્ટ અને લોકપ્રિય કથા-કાવ્યપ્રકાર હતો. એની લાંબી સમૃદ્ધ પરંપરા રહી છે. જૈન કવિઓની ચરિત્રાત્મક કથાઓ 'રાસા' નામે ઓળખાતી એમાં કથાના નિમિત્તે સાંપ્રદાયિક ધર્મબોધ કેન્દ્રમાં રહેતો એ કારણે સંપ્રદાયમાં એનું ઝાઝું મહત્ત્વ રહેતું એ ખરું, પણ એમાં કથા પણ શ્રોતાઓને માટે એટલી જ રસપ્રદ રહેતી. પુરાણીઓ જે કથા કહેતા એમાં પૌરાણિક કથાઓ અને ચરિત્રોની ભવ્યતા પ્રભાવક બનતી. પરંતુ આખ્યાનોએ પુરાણકથાઓને સમકાલીન જીવન સાથે ઓતપ્રોત કરી વધુ રસપ્રદ ને વધુ જીવંત બનાવેલી. શામળની લોકવાર્તાઓમાં મનોરંજન ભરપૂર હતું પરંતુ એની કૌતુકમય સૃષ્ટિ વાસ્તવિક કરતાં વધુ રંગદર્શી રહેતી હતી. એટલે, જીવાતા જીવનની સમાન્તરે રહીને આનંદદાયક બની શકે એવો કાવ્યપ્રકાર તો આખ્યાન જ હતો. એક તરફ એમાં ધાર્મિક-પૌરાણિક કથાનકોની ભવ્યતા ને પ્રેરકતા હતી જે આનંદ સાથે ધર્મલાભ પણ આપતી. તો બીજી તરફ એમાં તત્કાલીન જીવનની વિવિધ ભાતો હતી – શ્રોતાઓને આખ્યાન-કથાનકોનાં પ્રસંગો-પાત્રોની રજૂઆતમાં પોતાના જીવનનું પ્રતિબિંબ પણ દેખાતું. આખ્યાનમાં પ્રસંગોની ખીલવણી થતી ને પાત્રોનાં ઘેરાં ને વિસ્તારિત ચિત્રો આલેખાતાં; વનનાં, સ્થળનાં, પાત્રોનાં રસદાયક વર્ણનો થતાં; પાત્રો વચ્ચેના સંવાદો આલેખાતા; કથનની સાથે અભિનયનું તેમજ ગાયનનું તત્ત્વ પણ એમાં ઉમેરાતું. આખ્યાનકાર અસરકારક ને ભાવવાહી કથન કરતો; સંસ્કૃત શૈલીની ભવ્યતા ઉપસાવતાં પ્રસંગાલેખનો કરતો; ક્યારેક છટાથી પાત્રો-પ્રસંગોની

તીવ્ર રેખાઓ દોરતો ને તળપદા લહેકાથી પાત્રના ભાવોને તાદૃશ કરી આપતો; કથાની વચ્ચે આવતા લાગણીના ઉદ્રેકોને પદ-ગાનથી પણ અસરકારક બનાવતો. આખ્યાનકારોમાં માણભટ્ટો પણ હતા ને એ માણ (ધાતુની ગાગર) પર તાલ દઈને કથન-ગાનમાં શ્રોતાઓને તદ્રૂપ કરતા.

આ બધાને કારણે આખ્યાન વિવિધ વય-રુચિના શ્રોતાસમુદાયને મંત્રમુગ્ધ કરનારું મધ્યકાલીન સ્વરૂપ બન્યું હતું – નાટકની જેમ એ ભિન્નરુચિના સર્વ મનુષ્યોનું તૃપ્તિભર્યું સમારાધન કરતું.

આખ્યાનોએ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સંસ્કૃતિનું જતન કરવાનું વિશિષ્ટ કાર્ય પણ બજાવેલું. પ્રજાનો મોટો વર્ગ નિરક્ષર હતો. એથી ધર્મગ્રંથો, મહાકાવ્યો આદિ દ્વારા ધર્મ-જ્ઞાનના વારસાનું જાતે આકલન કરવાનું ને એ રીતે દૃષ્ટિને સ્થિર ને વિકસિત રાખવાનું એને માટે શક્ય ન હતું. ત્યારે આખ્યાનોએ પૌરાણિક-ઐતિહાસિક ચરિત્રોનાં – નરસિંહ, ચંદ્રહાસ, રામ, સીતા, નળ ,દમયંતી, કૃષ્ણ, આદિનાં – રસપ્રદ ને સાક્ષાત્કારક આલેખનો દ્વારા ધર્મ અને જીવનના આદર્શો સામાન્ય પ્રજાજનોમાં જીવતા રાખવાની ને એ રીતે એમની ધર્મશ્રદ્ધાને તથા એમની સંસ્કારિતાને સંકોરતા જવાની અપ્રતિમ સેવા બજાવી છે. પદ-ભજનાદિ ઊર્મિકવિતાથી જેમ પ્રજાની ધર્મકેન્દ્રીતા જળવાઈ એ જ રીતે આખ્યાન આદિ કથાત્મક કવિતાથી એમનામાંનો સંસ્કૃતિ-શ્રદ્ધાનો તાર જીવંત રહ્યો, સંસ્કારિતા પોષાતી રહી અને વિધર્મી આક્રમણો વખતે પણ આંતરિક બળથી ટકી રહેવાની એક પોષક શક્તિ એમને મળતી રહી.

ધર્મશ્રદ્ધા ભલે જીવનના કેન્દ્રમાં રહેલી હોય પણ જીવાતું જીવન કદી એક-વિધ રહી શકતું નથી. પ્રજાની ઉત્સવપ્રિયતા વિવિધતાનો

એક મોટો સ્રોત બનતી હોય છે – એ ઉત્સવો ધાર્મિક પણ હોય અને સામાજિક પણ હોય. જન્મ, લગ્ન, સીમંત આદિ ઉત્સવોનું રૂપ જેટલું સામાજિક એટલું જ ધાર્મિક પણ રહેતું હતું. કૃષ્ણ-જન્મ, રુક્મિણીવિવાહ, સીતાસ્વયંવર આદિ, પૌરાણિક પાત્રો સાથે સંકળાયેલા ઉત્સવોને પ્રજાએ પોતાના સામાજિક-પારિવારિક ઉત્સવો સાથે ઓતપ્રોત કરેલા છે. નરસિંહ મહેતાએ કરેલા મામેરાના 'વ્યવહાર' નરસિંહના સમયથી લઈને છેક પ્રેમાનંદના સમયમાં તે તે સમાજના રીતિ-રિવાજને પ્રતિબિંબિત કરતા રહ્યા છે. આખ્યાનકારોએ જેમ તત્કાલીન સમાજજીવનના આ રંગોનું વૈવિધ્ય ગ્રહણ કર્યું એમ જ એમના શ્રોતાસમુદાયે, આખ્યાનકારોએ ખીલવેલા આ પ્રસંગોમાંથી વળી પાછું વિશેષ પોષણ પણ મેળવ્યું હશે. સંસ્કૃતિની એ પણ એક વિશિષ્ટ ભાત છે ને આખ્યાન જેવાં સ્વરૂપોમાં ઝિલાતી ને પ્રસરતી રહે છે.

## ૨. સ્વરૂપનાં લક્ષણોનો ક્રમિક વિકાસ

આખ્યાનનું સ્વરૂપ નીપજાવવામાં એક તરફ મહાકાવ્યોની કથાઓ, પુરાણોની કથાઓ  તથા તે સમયના જૈન રાસાઓ – કથા-કથનની એક પરંપરા રચવામાં કંઈક પ્રેરક બન્યાં. પરંતુ આ બધા કરતાં આખ્યાન મધ્યકાલીન ગુજરાતીનું એક વિશિષ્ટ સ્વરૂપ પુરવાર થયું એ એના ચિત્રાત્મક વાર્તાકથનની લાક્ષણિકતાને કારણે. મહાકાવ્યોમાં પહોળે પટે થતાં કાવ્યાત્મક વર્ણનો કેન્દ્રમાં રહે, પુરાણોમાં કથાઓ અને આખ્યાયિકાઓનું વટવૃક્ષ વિસ્તારથી આકાર ધારણ કરતું હોય જ્યારે આખ્યાન કોઈ એક પ્રસંગને – ઉપાખ્યાનને – લઈને કે એક ચરિત્રને લઈને ચાલતું હોય ને એ પ્રસંગ/ચરિત્રને બહેલાવીને રસાવહ કરવાની એની નેમ હોય. હેમચંદ્રાચાર્યે એમના 'કાવ્યાનુશાસન' નામના ગ્રંથમાં

આખ્યાન સંજ્ઞા ઉપાખ્યાન આદિના અભિનયન્ પઠન્ ગાયન્-માં જોયેલી એ બતાવે છે કે આવી કથા-રજૂઆતની એક પરંપરા હતી. પછીથી ગુજરાતી આખ્યાનમાં એ પરંપરા સ્વતંત્ર રીતે વિકસી.

ઊર્મિઆલેખન કરતા પદ જેવા પ્રકારોમાં પ્રસંગો ઉમેરાતાં ને સંકલિત થતાં કથાનું આછું રૂપ બંધાતું ગયું, એ આપણને સૌથી પહેલાં નરસિંહમાં જોવા મળ્યું. એનાં આત્મચરિતનાં પદો તથા ‘સુદામાચરિત’ પદમાળારૂપ આખ્યાનો તરીકે સંકલન પામતાં ગયાં. ભાલણના ‘રામબાલચરિત’માં પણ વિવિધ ભાવ-પરિસ્થિતિ આલેખતાં પદો છે. પરંતુ આ વિદગ્ધ કવિ આપણો પહેલો એવો કવિ છે જેણે મોટા પ્રમાણમાં પૌરાણિક કથા-વિષયોનું આલેખન કર્યું. એની આવી રચનાઓમાં સૌ પ્રથમ કડવાબંધ (=પ્રકરણબંધ) જોવા મળે છે – કથાના પ્રસંગોની એક સાંકળ રચાય છે, ને એથી આખ્યાનને એક સુબદ્ધ કથાપ્રકાર તરીકેનો આકાર મળે છે. આ કારણે જ ભાલણને આખ્યાન-કાવ્યપ્રકારનો પિતા કહેવામાં આવે છે.

નાકરમાં આખ્યાનનું માળખું વધારે સ્પષ્ટ બને છે. આખ્યાનના આરંભે ‘મુખબંધ’ની પરંપરા હતી, નાકર કડવાને અંતે આવતા ‘વલણ’થી એને ઘાટ આપે છે. પૌરાણિક કથાનકોમાં સમકાલીન જીવનરંગો ઉમેરવાનું પણ નાકરથી આરંભાય છે ને પ્રેમાનંદમાં એ પૂર્ણ રૂપ પામે છે.

આખ્યાનના વિવિધ પ્રસંગો જેમાં પ્રકરણરૂપ પામે છે એ કડવું. કડવું સામાન્ય રીતે ત્રણ ભાગમાં વહેંચાયેલું હોય – પ્રસંગનો આરંભ કરતી એક (કે બે) કડીઓનો પ્રસ્તાવનાદર્શી ‘મુખબંધ’ (કેશવલાલ હ. ધ્રુવે એને માટે ‘મ્હોડિયું’ શબ્દ પણ યોજ્યો છે.) એ પછી કડવાનો મુખ્ય પ્રસંગાલેખન-અંશ. એને ઢાળ કહેવાય. કોઈ એક દેશી(રાગઢાળ)માં

એ આલેખાયું હોય. કડવાને અંતે સમાપ્તિસૂચક ‘વલણ’ની એક કડી હોય, જે જુદા છંદ/દેશીમાં હોય. (વલણને ક્યારેક ‘ઊથલો’ પણ કહેવાય છે.) વલણના કેટલાક શબ્દો બીજા કડવાના ‘મુખબંધ’ માં પુનરાવર્તિત થતા હોય એવું પણ જોવા મળે. આ રીતે સાંકળ જેવી રચનાનો એક ઘાટ પણ ઊપસે છે. વિવિધ કડવાંમાં વિવિધ દેશીઓ યોજાઈ હોય, કોઈ કડવું ક્યારેક ઉદ્રેકસભર પદ રૂપે પણ આલેખાતું હોય. આખ્યાનના આરંભે – પહેલા કડવામાં – કવિ ગણપતિ, સરસ્વતી કે કોઈપણ ઈષ્ટદેવની પ્રાર્થના કરે ને કથાવસ્તુને નિર્દેશતું મંગળાચરણ કરે ને પછી શ્રોતાઓને કથાપ્રવાહમાં આગળ લઈ જાય. આખ્યાનના અંતે ધર્મલાભ માટેની ફલશ્રુતિ હોય, ક્યારેક આખ્યાન રચ્યાનાં વર્ષ-માસ-તિથિનો ને સ્થળનો નિર્દેશ હોય ને કવિનામ(કવિપરિચય)નો નિર્દેશ પણ હોય. આખ્યાનનું  આ એક વ્યાપક માળખું. બધા જ કવિઓનાં બધાં જ આખ્યાનોમાં આ સર્વ અંશો ન પણ હોય.

રોજરોજ શ્રોતાસમુદાય સામે કહેવાતું, વર્ણવાતું, ગવાતું – એક રીતે કહીએ તો ‘ભજવાતું’ – આખ્યાન દરરોજ એક કે બે કડવાંમાં કથારસ પીરસી, પછીના દિવસની કથાનું વિસ્મયભર્યું સૂચન કરી, પ્રત્યેક દિવસે શ્રોતાના રસને જાગતો રાખીને, છેવટે કથાની રસભરી પૂર્ણાહુતિ કરે.

આખ્યાનમાં — ઉત્તમ કવિઓનાં ઉત્તમ આખ્યાનોમાં — આજે પણ કથનકલા-નિપુણતાનો તેમજ કવિત્વનો આહ્‌લાદક અનુભવ થાય છે. સમય ઘણો વહી ગયો છે અને સંદર્ભ ઘણા બદલાઈ ગયા છે છતાં આજે પણ આખ્યાન કથા અને કવિતાની સંતર્પકતાના અનુભવ સુધી આપણને લઈ જઈ શકે છે એ એની સિદ્ધિ છે.

અને આવી સિદ્ધિમાં સૌથી મોટો ફાળો છે કવિ પ્રેમાનંદનો.

**– શ્રે.**

## પ્રેમાનંદ : સમય, જીવન અને સર્જન

### ૧. સમય

મધ્યકાળના કવિઓએ પોતાના જીવન વિશે ભાગ્યે જ કશું કહ્યું હોવાથી એ કવિ ક્યારે થઈ ગયા એ નક્કી કરવાનું બહુ મુશ્કેલ – ક્યારેક તો અશક્ય – બની જાય છે. જો કે એક એવી પરંપરા હતી કે કવિ કાવ્યના અંતની કડીમાં પોતાનું નામ ગૂંથતો (એને નામાચરણની પંક્તિ કહેવાય) ને આખ્યાન-રાસ-પ્રબંધ જેવી લાંબી કૃતિઓને અંતે કાવ્ય લખ્યાનાં સ્થળ ને સમયની તેમજ ક્યારેક પોતાના પરિચયની થોડીક વિગતો પણ મુકાતી. બધી કૃતિઓને અંતે આવા નિર્દેશો ન પણ થતા. પણ આવા નિર્દેશો થયેલા હોય તે આજે કવિનો સમય નક્કી કરવામાં આપણને ખૂબ જ મદદરૂપ નીવડે છે.

પ્રેમાનંદની કેટલીક કૃતિઓને અંતે રચનાવર્ષના ઉલ્લેખો છે. જેમકે ‘મદાલસા-આખ્યાન’ ઈ.૧૬૭૨, ‘નળાખ્યાન’ ઈ.૧૬૮૬, વગેરે. એની પહેલી કૃતિ ‘ઓખાહરણ’ સંભવતઃ ૧૬૬૭માં અને ‘રણયજ્ઞ’ સંભવતઃ ૧૬૯૦માં રચાયેલી કૃતિઓ છે. ‘ઓખાહરણ’ પૂર્વે ૭-૮ વર્ષે એનું કાવ્યસર્જન આરંભાયું હોય ને ‘રણયજ્ઞ’ પછી ‘દશમસ્કંધ’ વગેરે કૃતિઓની રચનાનાં દસેક વર્ષ ગણીએ તો પ્રેમાનંદનો કાવ્યસર્જન સમય-કવનકાળ-ઈ. ૧૬૬૦ થી ઈ. ૧૭૦૦ આસપાસનો અનુમાની શકાય. પ્રેમાનંદે વીસેક વર્ષની વયે કાવ્યસર્જન આરંભ્યું હોય એમ ગણીએ તો પ્રેમાનંદનો જીવનકાળ ઈ. ૧૬૪૦ થી ઈ. ૧૭૦૦ સુધીનો – સત્તરમી સદીના ઉત્તરાર્ધનો – ગણાવી શકાય.

## ૨. જીવનસંદર્ભ અને કૃતિઓ

જે કૃતિઓને નિશ્ચિતપણે પ્રેમાનંદની જ ગણી શકાય એમ છે એ કૃતિઓમાંના ઉલ્લેખોને આધારે એટલું તારવી શકાય છે કે – પ્રેમાનંદ વડોદરાનો વતની હતો. (‘વીરક્ષેત્ર વડોદરું, ગુજરાત મધ્યે ગામ’); એના પિતાનું નામ કૃષ્ણરામ હતું ને એ મેવાડા બ્રાહ્મણ જ્ઞાતિનો હતો. ‘ઉદરનિમિત્તે સેવ્યું સૂરત ને ગામ નંદરબાર’ એવી એની પંક્તિને આધારે કહી શકાય કે જીવનનિર્વાહ માટે (‘ઉદરનિમિત્તે’) એણે આખ્યાનકારનો વ્યવસાય સ્વીકારેલો ને વડોદરાથી સુરત ને છેક ખાનદેશના નંદરબાર સુધી અનેક ગામોમાં ફરીને એણે આખ્યાન-કથન-ગાન કર્યું હતું. નંદરબારના એક પ્રતિષ્ઠિત આગેવાન શંકરદાસ દેસાઈનો એને આશ્રય મળ્યો હતો. એ રામભક્ત અને કૃષ્ણભક્ત હતો. છેલ્લે ‘દશમસ્કંધ’ની રચના ને એનું કથન-ગાન એણે વ્યવાસાય માટે નહીં પણ અંગત ભક્તિ-ભાવ માટે કરેલાં. એ કાવ્યમાં એક પંક્તિ છેઃ ‘રામચરણ-કમળ-મકરંદ, લેવા ઇચ્છે પ્રેમાનંદ.’

કવિ નર્મદે જાતે તપાસ કરીને કેટલીક માહિતી મેળવેલી એ મુજબ પ્રેમાનંદના દાદાનું નામ જયદેવ હતું; માતા-પિતાના અવસાન પછી એ માસીને ત્યાં ઊછરેલો અને આખ્યાનકાર - માણભટ્ટ તરીકે એણે સારું એવું દ્રવ્ય એકઠું કરેલું, કેમ કે કવિ નર્મદના સમયમાં એના વારસો પ્રેમાનંદે બંધાવેલા ઘરમાં રહેતા. એ સમયે એ ઘરની કિંમત ૧૦,૦૦૦રૂ. જેટલી હતી એવું નર્મદે નોધ્યું છે.

પરંતુ પ્રાચીન ભક્તો - કવિઓ વિશે અનેક દંતકથાઓ પણ પ્રચલિત હોય છે એવી પ્રેમાનંદ વિશે પણ હતી : પ્રેમાનંદ જડબુદ્ધિ હતો પણ કોઈ મહાત્મા ગુરુની કૃપાથી એને કવિત્વશક્તિ મળી હતી.

(કાલિદાસ વિશેની આ પ્રકારની દંતકથા પણ સૌને યાદ હશે જ!) વળી, પુરાણીઓ સામે સ્પર્ધા કરવા એણે સંસ્કૃતમાં પુરાણો વાંચવાનું છોડીને ગુજરાતીમાં આખ્યાન-કથા કરવાનું શરૂ કરેલું.

આવી દંતકથાઓ ઉપરાંત અર્વાચીન કાળમાં (ઈ. ૧૮૮૪થી) હરગોવિંદદાસ કાંટાવાળાના સંપાદનમાં વડોદરાથી પ્રગટ થવા માંડેલાં ‘પ્રાચીન કાવ્યત્રૈમાસિક’ તથા ‘પ્રાચીન કાવ્યમાળા’માં, વડોદરાના ને ગુજરાતના કવિ પ્રેમાનંદનું ગૌરવ અનેકગણું વધારી દેવા માટે, કેટલીક કૃતિઓ એને નામે છાપીને પ્રકાશિત કરવામાં આવી. એટલું જ નહીં, કોઈ ‘પ્રેમાનંદસુત વલ્લભ’ને નામે પણ કેટલીક કૃતિઓ પ્રકાશિત કરવામાં આવી. આ બનાવટી કૃતિઓમાં પ્રેમાનંદના જીવન વિશેની કેટલીક ઉપજાવી કાઢેલી વિગતો મળે છે એ ટૂંકમાં મૂકીએ તો –(૧) પ્રેમાનંદ હિંદીમાં રચનાઓ કરતો. એને કોઈ ગુરુએ કહ્યું કે તું ‘ઉંબર મૂકીને ડુંગરને’ કેમ પૂજે છે? ત્યારથી એણે ગુજરાતીમાં લખવા માંડ્યું ને ગુજરાતી ભાષાનું ગૌરવ સ્થાપિત ન થાય ત્યાં સુધી પાઘડી ન પહેરવાની પ્રતિજ્ઞા લીધી. (૨) પ્રેમાનંદનું બહોળું શિષ્યમંડળ હતું ને એમાં સ્રીઓ પણ હતી. એ શિષ્યોને એણે ગુજરાતી રચનઓ કરવાનું કહી અન્ય ભાષાઓ કરતાં ગુજરાતીની કવિતા ચડિયાતી બનાવવા સંકલ્પ કરેલો. (૩) પ્રેમાનંદને તથા (પ્રેમાનંદસુત ગણાવાયેલા) વલ્લભને શામળ સાથે ઝઘડો થયેલો એના ઉલ્લેખો પણ, પ્રેમાનંદ તેમજ વલ્લભને નામે થયેલી એ બનાવટી રચનાઓમાં આવે છે.

આખ્યાનો જ નહીં, નાટકો પણ પ્રેમાનંદને નામે છપાવીને ચડાવી દેવામાં આવ્યાં હતાં. ને એમ પ્રેમાનંદને નામે ૪૫ થી ૫૦ કૃતિઓ પ્રગટ થયેલી છે. પરંતુ હવે સ્પષ્ટ થઈ ચૂક્યું છે કે આમાંની ઘણી આખ્યાનકૃતિઓ (ને બધાં જ નાટકો) કોઈ અર્વાચીન વિદ્વાનોએ પોતે

લખીને પ્રેમાનંદને નામે ચડાવી દીધેલાં! એમાં સૌથી વધુ શંકા ગયેલી છોટાલાલ ભટ્ટ નામના વિદ્વાન(!) વિશે. વિચક્ષણ વિદ્વાન નરસિંહરાવ દીવટિયાને સૌ પ્રથમ, આ કૃતિઓની ભાષા-શૈલી વિશે શંકા થયેલી ને એમણે 'પ્રાચીન કાવ્યત્રૈમાસિક' અને 'પ્રાચીન કાવ્યમાળા'ના સંપાદકો પાસે મૂળ હસ્તપ્રતો માગેલી પણ એ આપી શકેલા નહીં. એ પછી કેશવલાલ ધ્રુવે પણ ઘણી કૃતિઓની પ્રમાણભૂતતા વિશે શંકા ઉઠાવેલી. બીજી કેટલીક કૃતિઓમાં ભેળસેળ પણ થઈ છે એટલે કે એમાં કેટલાક અંશો (જેમકે માર્કેંડેય પુરાણમાં મદાલસા આખ્યાન) પ્રેમાનંદની રચના હોય ને બાકીનું એને નામે ચડાવી દેવામાં આવ્યું હોય.

પરિણામે વિદ્વાન સંશોધકોએ સતત શુદ્ધ ને પ્રમાણભૂત (વિશ્વાસપાત્ર) કૃતિઓ શોધવા મથવું પડ્યું છે. ડૉ. પ્રસન્ન વકીલે 'પ્રેમાનંદની શંકાસ્પદ કૃતિઓ' વિશે ઉત્તમ સંશોધનગ્રંથ પ્રકાશિત કરેલો છે. એ પછી પણ કેટલીક વિગતો પ્રકાશમાં આવતી રહી છે. પ્રેમાનંદને નામે બતાવવામાં આવેલી કેટલીક કૃતિઓની હસ્તપ્રતો મળી છે પણ એ કૃતિઓ અન્ય પ્રાચીન કવિની રચનાઓ સાબિત થઈ છે.

એટલે, જેને પ્રેમાનંદની જ કહી શકાય એવી ખાતરીપૂર્વકની, પ્રમાણભૂત કૃતિઓ આ મુજબ તારવી શકાય એમ છે : ઓખાહરણ (૧૬૭૧), અભિમન્યુ આખ્યાન (૧૬૭૧), ચંદ્રહાસ આખ્યાન (૧૬૭૧), મદાલસા આખ્યાન (૧૬૭૨), હૂંડી (૧૬૭૭), શ્રાદ્ધ (૧૬૮૧), સુદામાચરિત (૧૬૮૨), મામેરું (૧૬૮૩), સુધન્વા આખ્યાન (૧૬૮૩), રુક્મણીહરણનો શલોકો (૧૬૮૪), નળાખ્યાન (૧૬૮૬), રણયજ્ઞ (૧૬૯૦), એ ઉપરાંત, રચનાવર્ષ ન દર્શાવતાં, દશમસ્કંધ, શામળશાનો વિવાહ, રુક્મણીહરણ, વામન કથા, દાણલીલા, ભ્રમર પચીસી, પાંડવોની ભાંજગડ તેમજ સ્વર્ગની નિસરણી, ફૂવડનો ફજેતો, વિવેક વણઝારો

(રૂપક કાવ્ય), વિષ્ણુસહસ્રનામ, બાળલીલા-વ્રજવેલ, મહિના. આ કૃતિઓમાં પણ ક્યાંક, છપાતી વખતે, ઉમેરણ - ફેરફારો થયા હોવાનો સંભવ છે. તેમ છતાં આ કૃતિઓ પ્રેમાનંદની હોવા વિશે એકમતી પ્રવર્તે છે.

## ૩. પ્રેમાનંદની સર્જકપ્રતિભા

આખાયે મધ્યકાળમાં પ્રેમાનંદ સૌથી મોટો પ્રતિભાવાન આખ્યાનકાર છે. એની પહેલાંની કે એના પછીની આખ્યાન કવિતાએ આટલું ઊંચું શિખર બતાવ્યું નથી. એટલું જ નહીં, અન્ય આખ્યાન-કવિતા-શિખરો કરતાં એ ઘણું વધારે ઊંચું છે. કેમકે કથન-કળામાં તેમજ કાવ્ય-કળામાં પ્રેમાનંદની પ્રતિભા વધારે તેજસ્વી છે ને સમયથી આટલે દૂર આપણા સુધી પણ એની આભા ફેલાયેલી છે – આજના ભાવકની રુચિને પણ પ્રેમાનંદનાં આખ્યાનો સંતોષી શકે છે, બલકે ક્યારેક તો સંતર્પી પણ શકે છે.

પ્રેમાનંદની આ સર્જકશક્તિના કેટલાક વિશેષો જોઈએઃ

૧ પરંપરામાં સર્જકતાનો સંચાર

પરંપરાનો પ્રત્યક્ષ-પરોક્ષ પ્રભાવ ઝીલવો એ આરંભે કવિમાત્ર માટે સહજ હોય છે ને મધ્યકાળમાં તો પરંપરાનો પ્રત્યક્ષ-સીધો જ - લાભ ઉઠાવવો એનો પણ કશો છોછ ન હતો. પ્રેમાનંદે આપણી પૌરાણિક કથાસાહિત્યની લાંબી અને સમૃદ્ધ પરંપરાનો પૂરો લાભ લીધો છે. સંસ્કૃત કવિતાના સીધા કે અનુશ્રુત (સાંભળેલા) સંસ્કારો પણ એની કવિતા પર જોઈ શકાય છે. એના પુરોગામી ગુજરાતી આખ્યાનકારો ભાલણ, નાકર, વિષ્ણુદાસ વગેરેનાં આખ્યાનોના પ્રસંગ-અંશો ને ક્યાંય

કાવ્ય-અલંકારણો પણ એણે અંગીકાર કરેલાં છે. – કાચી સામગ્રી તરીકે એણે ઘણું સ્વીકાર્યું છે તો ક્યાંક, નાકર જેવા એની પહેલાં થઈ ગયેલા કવિમાંથી તો, એણે ‘પાકો માલ’ – સીધી પંક્તિઓની પંક્તિઓ રૂપે – પણ લીધો છે.*(આ નિરીક્ષણ ડૉ. ચિમનલાલ ત્રિવેદીએ વએમના શોધગ્રંથ ‘નાકર : એક અધ્યયન’માં કરેલું છે.) પૌરાણિક કથાનકોમાં મધ્યકાળના કવિઓએ જે પોતીકા ઉમેરા કરેલા છે એ પણ પ્રેમાનંદે એનાં આખ્યાનોમાં સામગ્રી લેખે ઉપાડી લીધેલા છે જેમકે એના ‘નળાખ્યાન’ માંના ખૂબ જાણીતા ઉમેરા –મત્સ્યસંજીવની અને હારચોરીના પ્રસંગો – સૌ પહેલાં નાકરમાં દેખાય છે ને પ્રેમાનંદે એ ત્યાંથી લીધેલા છે. જો કે પ્રેમાનંદે નમ્રતાથી પોતાના પુરોગામી આખ્યાનકારોની કવિતાનું આ ઋણ સ્વીકારેલું છે.

પૂર્વે જે જે કવિજન-વૈષ્ણવે કીધાં ચરિત્ર અપાર જી
તે સઘળાંનો જોડ કરીને બાંધું શુભ આખ્યાન જી
(‘હારમાળા’)

પરંતુ પ્રેમાનંદે એની સર્જકશક્તિથી આ પરંપરામાં પ્રાણ પૂર્યો છે – પ્રસંગની કથાકૌશલ વાળી ખીલવણીમાં, ચરિત્રોની બાહ્ય અને આંતરિક રેખાઓને નવાં રૂપો અને પરિમાણો આપવામાં, એને સમકાલીન જીવન-પ્રવાહનો સંસ્પર્શ આપવામાં ને કવિતાની સૂક્ષ્મ પણ તેજસ્વી લકીર ખેંચવામાં પ્રેમાનંદે પોતાની આગવી શક્તિનો પ્રભાવક પરિચય આપેલો છે. નમૂના લેખે એક જ દૃષ્ટાન્ત લઈએ તો – ‘ચંદ્રાહાસ-આખ્યાન’માં, ચંદ્રહાસને ‘વિષ દેજો’નું ‘વિષયા દેજો’ કરવાનો જાણીતો પ્રસંગ છે. વિષયા એ પત્રમાં ‘યા’ કેવી રીતે ઉમેરે છે? ‘જૈમિનીય અશ્વમેધ’માં, આંબાના ઝાડનો રસ લઈ વિષયા નખથી એ અક્ષર ઉમેરે છે, એમ છે; નાકરમાં, દેવદારના વૃક્ષનું દૂધ કાઢીને એમાં ‘કાજલ

કિંચિત્ નેત્રનું ઉમેરી, અક્ષર કીધું શુદ્ધ' એવું આલેખન છે. આ કાજળવાળો વિચાર પ્રેમાનંદે નાકરમાંથી લીધો છે, પણ એનું આલેખન જુઓ:

'એક નેત્રનું કાજળ કાઢ્યું, બીજા નેત્રનું નીર;
તરણા વતે લખ્યું તારુણીએ ધરી હૃદયા મધ્યે ધીર'
('ચંદ્રહાસાખ્યાન', કડવું ૧૫,કડી ૨૫)

પ્રેમાનંદે વિગતોનો, નાયિકાના સૂક્ષ્મ મનોભાવોને ઉપસાવવામાં ઉપયોગ કર્યો છેઃ પત્રમાં 'વિષ દેજો' વાંચીને, પ્રેમોત્સુક વિષયા ઘડીભર ધ્રૂજી ગઈ હશે ને એની આંખો ભીની થઈ હશે. પણ પછી પરિસ્થિતિ સંભાળી લઈને ('ધરી હૃદયા મધ્યે ધીર') કુશળતાથી એક નેત્રનું કાજળ તરણા પર લઈને બીજા નેત્રનું, આવીને જાણે કે ઠરી ગયેલું આંસુ ('નીર') ભેળવીને એણે લખ્યું હશે... આમાં, આ દૃશ્ય-વર્ણનની પડછે, એના ત્વરિત બદલાતા સંચારી મનોભાવો પણ આપણે જોઈ શકીએ છીએ. પ્રેમાનંદની કવિકલ્પનાનો એ વિશેષ છે. આખી કડીનો લય પણ, વિગતને અંતર્ગત રાખીને, સંવેદનના મરોડને સાક્ષાત્ કરી આપે છે.

પરંપરાને પ્રેમાનંદે સમકાલીન જીવન-પ્રવાહમાં ઓતપ્રોત કરીને પણ વધુ વિકાસશીલ-ગતિશીલ કરી, વધુ જીવંત પણ કરી એ એની સર્જકશક્તિનો વિશેષ – કહો કે વિલક્ષણ વિશેષ છે. આ માટે, એના સૌ અભ્યાસીઓની થોડીક ટીકા ને ઝાઝી પ્રશંસા પ્રેમાનંદ પામ્યો છે. ન્હાનાલાલે પ્રેમાનંદને 'સૌથી વધારે ગુજરાતી કવિ' કહ્યો એમાં સૌ વિવેચકોનો જાણે પ્રતિનિધિ સૂર છે.

પ્રસંગ ગમે હોય – શોકનો કે મિલન-વિરહનો; હાસ્ય-મજાકનો કે ગંભીર ચિંતાનો; સ્વયંવરનો કે ડરામણા વનમાં એકલી તરછોડાયેલી યુવતીનો; લગ્નનો, સીમંતનો કે પુત્રજન્મનો – પ્રેમાનંદ એને બહેલાવીને, રંગીને રજૂ કરી શકે છે, સતત એ રસપ્રદ બની રહે એ રીતે. વર્ણન-આલેખન-વાક્છટા પર એની એવી પકડ હોય છે કે કોઈપણ કથા-અંશને વિસ્તારીને પણ એ એને વેગીલો, પ્રવાહી રાખી શકે છે ને પ્રસંગના હાર્દને એ એવી રીતે પ્રગટ કરે છે કે એના શ્રોતાને (હવે વાચકને) એ એક ક્ષણ પણ તન્મયતામાંથી બહાર આવવા દેતો નથી. આ શક્તિ નાટ્યકારની શક્તિ છે – જયંત કોઠારીએ કહ્યું છે એમ ‘પ્રસંગની નિગૂઢ નાટ્યાત્મકતા છતી કરવાની અજબ આવડત’ પ્રેમાનંદમાં છે. ‘કુંવરબાઈનું મામેરું’માં નાગરો દ્વારા થતી નરસિંહની અમાનવીય મજાક ને પછી દામોદર દોશી રૂપે ભગવાને કરેલા ભવ્ય મામેરામાં એ જ નાગરોની થતી વળતી ક્રૂર મજાકના પ્રસંગો; ‘સુદામચરિત્ર’માં, કૃષ્ણને મળીને પાછા ફરતાં, પોતાના ઘરને બદલે મહેલ જોતાં ભ્રમિત થતા, અકળાતા- મૂંઝાતા સુદામાનો પ્રસંગ; ‘ચંદ્રાહાસ-આખ્યાન’માં, બાગમાં સૂતેલા ચંદ્રહાસનના દર્શનથી લઈને એના પત્રમાં ‘વિષ’નું ‘વિષયા’ કરતી વિષયાવાળો પ્રસંગ; ‘નળાખ્યાન’માં સ્વયંવરમાં આવેલા રાજાઓની હાસ્યાસ્પદ લોલુપતા આલેખતો પ્રસંગ – એવા અનેક પ્રસંગોમાં પ્રેમાનંદની કથનકલા-શક્તિનો, ન ભુલાય એવો, આહ્‌લાદક અનુભવ થાય છે. અલબત્ત પ્રસંગને બહેલાવવામાં, એના સમયમાં જે કંઈ રસપ્રદ ને મનોરંજક બન્યું હશે એ બધું આજે એવું રસાવહ નથી પણ લાગતું – ક્યાંક એમાં અનૌચિત્યના, પ્રેમાનંદની

ટૂંકી પડતી કલ્પનાના, અપ્રતીતિકરતાના ને ક્વચિત ગ્રામીણતાના અંશો પણ આપણને જણાવાના. તે સમયની ને કવિની આટલી મર્યાદા સ્વીકારી લઈએ તો મોટાભાગના પ્રસંગાલેખનમાં પ્રેમાનંદનું કથન-કૌશલ સાચે જ આહ્‌લાદક છે.

## માનવ-ભાવોનું ઝીણવટભર્યું આલેખન

પ્રેમાનંદનાં આખ્યાનો, વ્યાપક રીતે જોઈએ તો જેટલાં પ્રસંગકેન્દ્રી લાગે એટલાં પાત્રકેન્દ્રી કદાચ ન પણ લાગે તેમ છતાં કુંવરબાઈ, નરસિંહ, સુદામા, દમયંતી આદિ હૃદયસ્પર્શી પાત્રો એણે આલેખ્યાં છે ને એનાં જાતિચિત્રો જેવાં ગૌણ પાત્રો – કુંવરબાઈની વડસાસુ, 'ઓખાહરણ'ની ચિત્રલેખા, 'રણયજ્ઞ'ની મંદોદરી, 'મામેરું'ના દામોદર દોશી કે નાગરો – પણ કેટલીક આકર્ષક રેખાઓ ઉપસાવે છે. પણ પ્રેમાનંદનું કૌશલ તો પરિસ્થિતિ-અંતર્ગત થતું પાત્ર-ભાવનું એટલે કે માનવભાવનું સૂક્ષ્મ ને અસરકારક આલેખન કરવામાં સૌથી વધારે પ્રગટ થાય છે. માનવમનની અવઢવ કે દ્વિધાના ભાવને જ લઈએ તો પણ પ્રેમાનંદમાં કેવાં ઝીણાં આલેખનો મળવાનાં! પિતાને મળવા જતી કુંવરબાઈની દ્વિધાગ્રસ્ત વેદના; અ-યાચક સુદામાની અવઢવભરી અકળામણ; વનમાં દમયંતીને ગુસ્સાથી એકલી છોડીને જતા નળમાં, દમયંતી પ્રત્યેના સ્નેહ-કર્તવ્યભાવથી થોડીકવાર જાગતી દ્વિધા વગેરે. પ્રેમાનંદે પૌરાણિક પાત્રોની આવી ભાવ-સ્થિતિઓ પોતાના સમયના જનસમુદાયના ભાવોની સમાન્તરે લાવીને આલેખી છે એમાં માનવ-સ્વભાવની અનેક લાક્ષણિકતાઓ એની ચકોર આંખે પકડી છે. ઓખા અને દમયંતીની લગ્ન-ઉત્સુકતા; કૃષ્ણ-સુદામાનો મૈત્રીભાવ; નણંદ-સાસુ-વડસાસુની અને

સૌ નાગરોની પરપીડકવૃત્તિ અને એવા બીજા અનેક માનવભાવો – ઈર્ષ્યાના અને વેદનાના, લોભના અને ભયના; સ્નેહના અને શોકના ક્યારેક વિગતે તો ક્યારેક કોઈ એક પંક્તિના લસરકાથી એણે આલેખી આપ્યા છે. પોતાના સમયના શ્રોતાસમૂહને પ્રસંગ-પાત્ર-પરિસ્થિતિમાં તન્મય કરવાના કથાકાર-ચાતુર્યને લીધે (અને નગીનદાસ પારેખે યોગ્ય રીતે બતાવ્યું છે એમ પૌરાણિક પાત્ર-માનસને ચક્ષુપ્રત્યક્ષ કરવાની એની કલ્પનાની અશક્તિને કારણે પણ) માનવ-ભાવ-આલેખન ક્યારેક અતિ સામાન્યતામાં સરી પડતું. પૌરાણિક પાત્ર-પ્રતિમાને ખંડિત કરનારું બન્યું છે એ પ્રેમાનંદની મર્યાદા પણ બને છે પરંતુ આવી વિપરિતતા અનુભવાતી ન હોય એવાં અનેક સ્થાનોમાં માનવભાવોની કોઠાસૂઝ તથા એને તાદશ્યતાથી, પ્રત્યક્ષીકરણથી રજૂ કરવાની એની અભિવ્યક્તિ-કુશળતા મધ્યકાળમાં તો અપ્રતિમ ગણાય એવી છે.

## કવિશક્તિઃ રસનિરૂપણ

જેમ કથન-કળા પ્રેમાનંદનો આગવો વિશેષ છે એમ એનું કવિત્વ પણ એટલું જ આકર્ષક છે. એના સમયના અનેક પ્રચલિત રાગ-ઢાળોને એણે પૂરા પ્રભુત્વથી યોજ્યા છે. અને એમાં પદ્યકારની સફાઈ અને લયસૂઝ ખૂબ ધ્યાનપાત્ર છે. પ્રકૃતિનાં, માનવસૌંદર્યનાં ને પ્રસંગોનાં વર્ણનોમાં, પ્રચલિત રૂઢતામાં એ કંઈક તણાયો હોવા છતાં એની આગવી રેખાઓ પણ ઊપસે છે એમાં એની કવિ-શક્તિનો ફાળો ઘણો મોટો છે. અલંકારોમાં એની વાગ્મિતા દેખાય છે તો એ સાથે જ પ્રસંગ-પાત્ર પ્રત્યક્ષ કરી આપતી ને ભાવના ઝીણા મરોડોને ઉપસાવી આપતી કવિ-કલ્પનાનું પ્રવર્તન પણ એમાં દેખાય છે.

કથાકેન્દ્રી કાવ્યોમાં રસનું નિરૂપણ મહત્ત્વનું ને કવિની શક્તિ કેટલી છે એનો હિસાબ આપનારું બનતું હોય છે. પ્રેમાનંદની રસનિરૂપણ શક્તિની બાબતમાં નવલરામની અત્યંત પ્રચલિત ઉક્તિ આજે પણ સ્વીકાર્ય લાગે છે, કે 'રસની બાબતમાં કોઈપણ ગુજરાતી કવિ એના પેંગડામાં પણ ઘાલે એવો નથી' પ્રેમાનંદના રસસંક્રાન્તિ-કૌશલની એમની વાત પણ એટલી જ સાચી છે. 'મામેરું' અને 'નળાખ્યાન'નો કરુણ રસ; 'મામેરું' અને 'સુદામાચરિત'નો ભક્તિરસ; 'ઓખાહરણ', 'નળાખ્યાન'માંનો શૃંગારરસ અને મુખ્યત્વે 'મામેરું', 'નળાખ્યાન' માંનો ને બીજાં ઘણાં આખ્યાનોમાંનો એનો હાસ્યરસ ખૂબ અહ્‌લાદક બલકે સ્મરણીય બનેલા છે. એક રસમાંથી બીજા રસમાં સહજ ગતિએ સરવાનું એનું કૌશલ તેમજ એક સાથે બે રસોનો યુગપત્ અનુભવ કરાવવાનું (જેમકે-'મામેરું'માં પહેરામણીની યાદી વખતે નાગરોના હાસ્ય ને કુંવરબાઈના કરુણમાં) પ્રેમાનંદની શક્તિઓ પ્રફુલ્લ બની રહી છે.

ભક્તિ, વાત્સલ્ય, બીભત્સ, વીર, ભયાનક, અદ્‌ભુત એવા રસો પણ પ્રેમાનંદે પ્રયોજ્યા છે પણ એનામાં મુખ્યત્વે કરુણ, હાસ્ય અને શૃંગારનું પ્રમાણ અને શક્તિ વધારે રહ્યાં છે; ઓખા, દમયંતી, નળ, વિષયાના શૃંગારભાવોનાં કેટલાંક માર્મિક આલેખનોમાં એનો શૃંગાર સૂક્ષ્મસ્તરે ઊતર્યો છે પણ મહદ્‌અંશે એ રૂપવર્ણનોની પ્રચલિત કક્ષાએ રહે છે; એના કરુણ વધુ પ્રભાવક છેઃ કુંવરબાઈનો અને દમયંતીનો કરુણરસ એનાં ઉત્કૃષ્ટ ઉદાહરણો છે. શ્રોતા(વાચકો)ને આર્દ્ર બનાવનારી, એમને તદ્રૂપ કરનારી શક્તિ એમાં પ્રેમાનંદે દાખવી છે. અલબત્ત, નાટકી કરુણ સુધી પણ એ વારંવાર સરે છે એમાં એ સમયના કથા-કાર તરીકેની એની વિલક્ષણતા કારણભૂત છે. એની કલ્પનાશક્તિનું

સ્તર પણ એ માટે જવાબદાર છે.

હાસ્ય પ્રેમાનંદને વિશેષ ફાવતો રસ છે. સ્થૂળ હાસ્યમાં પણ એ ઘણીવાર ખેંચતો – ને પોતે ખેંચાતો હોય છે એમાં, ઉપર ગણાવી તે વિલક્ષણતા કારણરૂપ છે. છતાં માર્મિકતા ને સૂક્ષ્મતા પણ એના હાસ્યની મહત્ત્વની શક્તિઓ છે. કથાપ્રસંગો ને પરિસ્થિતિઓમાં એની નજર હાસ્યને ઝટ શોધી કાઢે છે –ક્યારેક તો મૂળ પ્રસંગમાં આછો નિર્દેશ હોય ત્યાં, ને નવી પરિસ્થિતિ યોજીને પણ એ હાસ્યને માટે જગા કરે છે ને એને ઉત્તમ રીતે બહેલાવે છે. દમયંતીને વરવા તૈયાર થયેલા અનેક રાજાઓનું આલેખન – અને અલબત્ત, દેવોની દુર્દશાનું આલેખન – એનું મહત્ત્વનું ઉદાહરણ છે.

મધ્યકાલીન આખ્યાન, માણભટ્ટોના વ્યવસાય તરીકેની એક પ્રવૃત્તિ તરીકે પણ વધુ ને વધુ શક્તિઓથી વિકસેલું છે. એમાં પ્રેમાનંદ ટોચે છે. કથાકાર અને કવિની પ્રતિભાથી કથન-વર્ણન-ગાન-અભિનયનાં કૌશલ્યોને પૂરેપૂરાં પ્રયોજીને એક ઉત્તમ રજૂઆતકાર (પરર્ફોર્મર) તરીકે પ્રેમાનંદની એક શક્તિમંત કલાકારની પ્રતિમા ઊપસી છે.

– **શ્રે.**

○○○